૭૮૬-૧૧૦

૫૬૬ ૫૬૬

રૂઅયતે - હિલાલ

[illegible] તમને નવા ચાંદના બારામાં પુછે છે, કહો તે [illegible]ોના અવકાત. અને હજના અમલ માટે

[કુરઆન]

૨ ચાંદ જોઈને રોઝા રાખો, અને ચાંદ જોઈને ઈદ કરો.

(હ૦ રસુલ સ૦)

૩ જો વાદળાના કારણે ચાંદ નહી દેખાય તો શાઅબાનના ત્રીશ દીવસો પુરા કરી એકત્રીસમે દીવસે રોઝા રાખો.

(પાંચમા ઈમામ હ૦ બાકર અ૦)

લેખક પ્રકાશક : મહમદ જાફર શરીફ દેવજી

પો. બોક્સ ૪૬ ઝંગબાર. (બ્રીટીશ ઈ. આફ્રીકા).

પ્રથમ આવૃતી ૧૦૦૦ નકલો ૧લી શાબાન ૧૩૭૬ હી.

૪-૩-૫૭

૭૮૬-૧૧૦

વકફ   વકફ

રૂઅયતે - હિલાલ

[illegible] તમને નવા ચાંદના બારામાં પુછે છે, કહો તે [illegible]ોના અવકાત. અને હજના અમલ માટે

[કુરઆન]

૨ ચાંદ જોઇને રોઝા રાખો. અને ચાંદ જોઈને ઈદ કરો.

(હ૦ રસુલ સ૦)

૩ જો વાદળાના કારણે ચાંદ નહી દેખાય તો શાઅબાનના ત્રીશ દીવસો પુરા કરી એકત્રીસેમે દીવસે રોઝા રાખો.

(પાંચમા ઇમામ હ૦ બાકર અ૦)

લેખક પ્રકાશક : મહમદ જાફર શરીફ દેવજી

પો. બોક્સ ૪૬ ઝંગબાર. (ટીટીસ ઈ. આફ્રીકા).

પ્રથમ આવૃતી ૧૦૦૦ નકલો ૧લી શાબાન ૧૩૭૬ હી.
૪-૩-૫૭

રુઅયતે હિલાલ

પ્રસતાવના

બિસ્મિલ્લા હિર્રહમાનિ રહીમ.

હરેક વખાણને પાત્ર ઝમીન, આસમાનના સરજનહાર, મઅબુદ અલ્લાહ તઆલાની પાકઝાત છે, જે ખાલીકે ઇનસાનના સુખ સગવડ માટે સુર્ય, ચંદ્ર અને અગણિત તારા પેદા કર્યા તેસાથે તે મઅબુદની ઇબાદતનો વખત જણાવવા માટે સુર્ય અને ચંદ્રની હીલચાલ થકી, દીવસો મહીના, વરસના અવકાત ઠરાવ્યા. તેના હમ્દ અને સના કર્યા પછી, તેના છેલ્લા મહાન પયગંબરે આખરૂઝમાન સ૰ અને તેમની પવિત્ર અહલેબયત ઉપર દુરૂદ, સલામ-અને સલવાતની દુઆ ગુજારીયે છીયે.

ઇસલામના આરંભથી નમાઝ અને રોઝાની ઇબાદત, તેમજ ઇદ, હજ અને માહે મુહરમના અવસરોનો વખત જાણવા માટે સુરજ અને ચાંદની હીલચાલ જોઇ ખાત્રી કરી અમલ કરવાનો હુકમ, કુરઆન અને હદીસો થકી સિધ્ધ થાય છે. તે મુજબ આજ પર્યંત ઇસલામના સઘળા ફીરકાના મુસલમાનોનો અમલ રહયો છે.

દરેક ઇનસાનને પોતાની માન્યતા મુજબ અમલ કરવાની આઝાદી હોય છે, તેમાં કોઇને દખલ દેવાનો, અથવા ટીકા કરવાનો હક હોતો નથી. "લા ઇકરાહા **ફીદદીન**" દીનના બારામાં બળજબરી ન હોઇ શકે. પરંતુ વર્તમાન કાળના, આઝાદી અને સુધરેલા ઝમાનામાં, "નસીમે સહર"ના લેખક જેવા કેહવાતા વિધવાનો ચાંદ જોઇ અમલ કરવાના બારામાં વિવિધ પ્રકારથી જાહેરમાં ટીકા કરવા લાગ્યા. વળી કોઇ એ બાજુના મિત્રને મુસલમાનોના ઇદના દહાડે, પ્રથમ મુસાફેહા કરી, હેતથી ભેટી, ઇદની મુબારકી આપતા "ભાઇ આજે તમારી ઇદ, ગઇકાલે અમારી ઇદ, આશું? ઇસ્લામમાં તફરકો, વળી એક ગામમાં ચાંદ નહી દેખાયાથી રોઝા, જ્યારે બીજા ગામમાં ઇદ હોય" એવી રીતે નરમ અને મીઠા શબ્દોથી પ્રહાર કરી ટીકા કરવા ચુકતા નથી. એટલુંજ નહી પણ પેપરો, માસીકોમાં જાહેર લખાણો લખવા અચકાતા નથી: અને તે લખાણો ફખર અને ઉકમાઇથી (ગુજરાતી વાંચનાર) મુસલમાનો અને મુખ્ય કરી અમારી ખોજા શીઆ ઇસનાઅશરી દીની બીરાદરોને વાંચવા આપી રહયાં છે.

સેથી ચાંદ જોઇ તે ઉપર અમલ કરવાની જરૂરીયાત શરીઅતે ઇસ્લામના ફરમાનુસાર અકલી, નકલી દલીલો, અને ઇતિહાસથી પુરવાર કરી શંકાઓ દુર કરવા માટે જવાબ લખવાના, બારામાં પુર્વ આફ્રીકા અને માડાગાસ્કરના અમારા દીની બીરાદરોની આગ્રહ પુર્વક ફરમાઇશ થઇ, તેને માન આપી–એક ઘણી અગત્યની જરૂરી દીની મસ[illegible]ની

ચોખવટ કરવા માટે અમારી ફરજ સમજી આએ પુસ્તિકા લખી છે. અમોને પુર્ણ ખાત્રી છે કે આએ પુસ્તિકાના અભ્યાસથી દરેક પ્રકારની શંકાઓ દુર થશે અને ચાંદ જોઇ ખાત્રી કરીનેજ અમલ કરવાની જરૂરીયાતની ખાત્રી ઉપજશે. તે સાથે નજુમીઓનો હિસાબ અથવા મીસરી કેલેંડર ઉપર શરીઅતના ફરમાનુસાર આધાર રાખી અમલ નહી થઇ શકે તેની ચોખવટ કરેલ છે.

વર્તમાન કાળમાં ઈસ્લામીઓ વચ્ચે, એક સંપી, અને મુહબ્બતનો સંબંધ વધારી ઈસ્લામની તરક્કી, અને ઇસ્લામના વિરોધીઓ દુશ્મનોના હુમલાથી બચાવ કરવાનો સમય છે. એવા સમયમાં એક બીજા ઉપર ટીકા કરી કોઇનું દીલ દુખાવવું ખચિત નુકસાન કારક છે. પોતાની માન્યતા એતેકાદને પોતાના માટે રાખી બીજાની માન્યતા, એતેકાદ ઉપર ટીકા કરવાથી દુર રેહવું જરૂરી અને ઇચ્છવા જોગ છે.

માત્ર મારી શીઆ ઇસનાઅશરી કોમની હિદાયત અને લાભ અર્થે ચાંદ જોઇનેજ અમલ કરવના ફરમાનની સાબીતી, અને નસીમે સહરના ગુજરાતી તેમજ 'અલબુરહાન'ના ઉરદુ લખાણોનો જવાબ આપવાની અમારી દીની ફરજ સમજીને લખેલ છે. એ સિવાય બીજાઓના વિચારો, માન્યતા અને એઅતેકાદની વિરૂધમાં વાદવિવાદ માટે લખવાનો અમારો હેતુ નજ હોઈ શકે. ખચિત જો "નસીમે સહર" માં 'શું ચાંદ જોવું જરૂરી છે" એ કલપિત લખાણ પ્રગટ થયું નહતે, તેમજ

તે લખાણ અમારી કોમના દીની બીરાદરોને દેખાડવામાં નહી આવતે તો અમોને કલમ ઉપાડવાની કશી જરૂરત ન હતી.

અંતમાં અમો પુસ્તિકા લખવાના કાર્યમાં સહાયતા સલાહ અને છપાઇ ખરચ આપનાર અમારા દીની બીરાદરોનો, આ તકે ખરા અંતઃકરણથી આભાર માનીએ છીએ. અને આ પુસ્તિકાની બીજી આવૃતિ લેશ માત્ર ફેરફાર સુધારો વધારો કર્યા વગર પ્રગટ કરવાની અમારા દીની બીરાદરો માટે અમારી સમંતી જાહેર કર્યે છીએ.

લી સેવક

મહમદ જાફર શરીફ દેવજી

જંગબાર તારીખ ૧લી શાબાન, ૧૩૭૬ હીજરી

★★
★★

રુચ્યતે હિલાલ

૭૮૬

(૧) ઇસ્લામી મહીનો

ઇસ્લામી હીજરી વરસના ૧૨ મહીનાનો હિસાબ નવા ચાંદના દેખાવથી મહીનો શરૂ થાય છે અને ઇસ્લામી મહીનો નવો ચાંદ દેખાય તે પછીના દિવસથી પહેલી તારીખ શરૂ થાય છે.

ચાંદને દુન્યાની આસપાસ ચક્કર પુરો કરવા માટે ૨૯ દિવસ ૧૨ કલાક ૪૪ મીનીટ અને ૩ સેકન્ડનો વખત લાગે છે. એટલે એક મહીનામાં ચાંદ આખી દુન્યાનો ચક્કર લગાવે છે જેથી ઇસ્લામી શરીઅતના ફરમાનુસાર ચાંદ દેખાય તે પછીનો દિવસ પહેલી તારીખ ગણાય છે, અને તે મુજબ તે મહીનામાં જે અમલ, રોઝા, ઇદ, હજ, મુહર્રમ આશુરા વગેરે હોય તે બજાવી લાવવાનો હુકમ છે. જે કુરઆન અને હદીસો તેમજ ૧૪ સદીથી ઇસ્લામના દરેક ફીરકાન અમલથી સિદ્ધ થાય છે.

જગતની કોમોમાં વરસના માટે બે પ્રકારના હિસાબ હોયા છે, એક શમ્સી એટલે સુર્યની ચાલનો હીસાબ જે ૩૬૫ દિવસનો વરસ ગણવામાં આવે છે. બીજો હિસાબ કમરી કેહતાં ચાંદના હિસાબથી ૧૨ મહીના ગણવામાં આવે છે અને તે ચાંદના હિસાબના વરસના ૧૨ મહીનાના ૩૫૪-૩૫૫ દીવસો થાય છે.

હિંદુ કોમોના વિક્રમાદિત પંચાગમાં વરસ માટે બેઉ હીસાબ રાખે છે. મહીનાનો હીસાબ કમરી એટલે ચાંદના હિસાબ અને વરસની લંબાઇ માટે શમ્સી એટલે સુર્યની ચાલનો હિસાબ રાખે છે, તેની સરખાઇ કરવા માટે દર ત્રણ વરસે એક અધિક માસ ઉમેરી ચાંદનો હિસાબ અને સુર્યના હીસાબનો મેળાપ કરી મુકે છે, કેમકે હિંદુઓ સુર્ય અને ચાંદ બેઉને દેવતા ગણે છે અને બેઉમાંથી કોઇને તજી નારાજ કરવા માંગતા નથી.

હિંદુઓના સુર્ય સિધ્ધાંતના હિસાબે શમ્સી વરસના ૩૬૫ દિવસ ૬ કલાક ૧૨ મીનીટ અને ૫૬ સેંકડ થાય છે. તદુપરાંત તેઓનો કમરી કેહતાં ચાંદનો હિસાબ હોય છે અને નવો ચાંદ દેખાય તે સમયને 'સંક્રાન્તી' (SANKARANTI) કહે છે. તેઓ ચાંદના હિસાબના ૧૨ મહીનાને સુર્યના હીસાબના વરસની લંબાઇનો મેળ કરવા માટે ઉપર લખ્યા મુજબ દર ત્રણ વરસે એક અધિક માસનો ઉમેરો કરે છે.

જુલીયસ અને ગ્રેગરીના હિસાબ યુરોપની જંતરી (પંચાંગનો) હિસાબ શમ્સી કહેતાં સુર્યના હીસાબે વરસના ૧૨ મહીનાના ૩૬૫ દિવસ ૫ કલાક ૪૮ મીનીટ અને ૪૬ સેંકડ ગણે છે તે દિવસોની ૧૨ મહીનામાં વેહચણી પુરી કરવા માટે દર એકી (એટલે પહેલા ત્રીજા પાંચમા વી.) મહીનાઓના ૩૧ દિવસો અને બેકી (એટલે બીજા ચોથા છઠાવી) મહીનાઓના ૩૦ દિવસો તે સાથે ફેબ્રુઆરીના ૨૮ અથવા

૨૮ દિવસોના હિસાબથી વરસના દિવસો પુરા કરે છે.

ખચિત ચાંદની હિલચાલ–નજુમીઓના હિસાબ થકી સિદ્ધ થાય છે જે યુરોપ અને હિંદુસ્તાનના–હિંદુ કોમના તેમજ ઇસ્લામના ઇરાક, ઇરાનના નજુમીઓના હિસાબથી–ઇસ્લામી ૧૨ મહીનામાં ૨૯ અને ૩૦ દિવસો હોય છે. વળી તે નજુમીઓના હિસાબથી એ પણ સિદ્ધ થાય છે કે દરેક વરસમાં બે અથવા ૩ મહીનાઓ એક પછી એક ૨૯ અને બે અથવા ૩ મહીના એક પછી એક ૩૦ દિવસોના થાય છે, જેથી એક મહીનો ૩૦નો હોય તો અવશ્ય બીજો મહીનો ૨૯નો હોવોજ જોઇએ એવી માન્યતા ખરી ન હોઇ શકે; જેમ કે મીસરી હિસાબમાં સદા મુહર્રમના ૩૦ સફરના ૨૯ રબીયુલ અવ્વલના ૩૦ એ મુજબ ઝીલહજના ૨૯ અને કોઇ વરસે કબીસા વરસનું નામ આપી છેલ્લો મહીનો ઝીલહજના ૩૦ દિવસ ગણી એક દિવસનો ઉમેરો કરે છે જે ઇસ્લામી શરીઅત અને સઘળા નજુમીઓના હિસાબથી અનોખું હોય છે જેનો વધુ ખુલાસો મીસરી તારીખની ઉત્પતીના મથાળા હેઠળ અન્ય સ્થળે સ્પષ્ટ કરવામાં આવેલ છે.

ઇલ્મે નુજુમ, ઇલ્મેહયઅત--અને હિસાબ લગભગ વેહમી અને તરંગી હોય છે અને તે ઘણે ભાગે ખોટા ઠરે છે. અસલ હિસાબ ખરો છે, પરંતુ નજુમીઓને પુરૂં જ્ઞાન નહોવાથી ખોટા છે, તેઓ ખરો હિસાબ કરી શકતા નથી. ઘણા બનાવો અને હિસાબની ખબર આપે છે તે સાવ ખોટી ઠરે છે તેથી ઇસ્લામી શરીઅતના અહકામના અમલ એવા ઢંગી ખોટા નજુમીઓના હિસાબના આધારે નહીં થઇ શકે, તેથી શરીઅતમાં દરેક બાબતની ચાંદ વગેરેની પુર્ણ ખાત્રી કરીનેજ અમલ કરવાનો હુકમ છે.

વળી મુસલમાનોમાં પાંચ પંદર ટકા ભણેલા અને હિસાબના સમજનાર હશે (જોકે તે હિસાબ ઉપર જણાવ્યા મુજબ મોટા ભાગે ખોટા ઠરે છે) તેથી ઇસ્લામી સહેલી શરીઅતમાં દરેક પ્રકારના અમલ, દરેક મુસલમાન જાહોલ અભણ અથવા આલીમ સેહલાઇથી સમજી અમલ કરી શકે તેના માટે ચાંદ જોવાનો હુકમ છે જે સાવ સેહલી રીત અને દરેક માટે શક્ય છે. વાદળા ઘેરાયલા હોય અથવા કોઇ પણ બીજા કારણના લીધે ચાંદ નહીં દેખાય અને બીજા નજીકના મુલકમાં જોવામાં નહીં આવ્યો હોય તો તેના માટે શરીઅતનો હુકમ છે કે મહીનાના ૩૦ દીવસ પુરા ગણી નવો મહીનો શરૂ કરો. ચાંદ નહિ દેખાય તેથી અમલ ખોટા ઠરે એવો ગેર ઇન્સાફ બળજબરી ઇસ્લામમાં હોઇ ન શકે

ઇલ્મે હયઅત, નજુમીનું ઇલ્મ વહમી બે ઢંગ હોવા વિષે હ૦ રસુલે ખુદા સ.ની હદીસ છે-જે માણસ નજુમી અને કાહીનની વાતોને ખરી સમજે તે હ. મુહમ્મદ સ. ઉપર ખુદાએ ઉતારેલી બાબતો ઉપર ઇમાન લાવેલ નહીં ગણાશે. મરહુમ અલ્લામા મોલવી સય્યદ ગુલામહસનૈન કંતુરીએ સન ૧૩૩૪ના ઇસ્લાહ માસીક જીલ્દ ૧૯ના રબીઉલ અવ્વલ અંકમાં આપેલ લખાણ, તેમનાજ શબ્દોમાં લખીયે છીએ.

"અગર આ.પકો ઉસુલે હયઅત કે વહમી હોનેકા ઇસબાત (સાબીતી) મઅલુમ કરના મનઝુર હો તો હમારે બયાનસે અહેલ [illegible]

કામિલા ઇલમોચ હુકા એતેકાદ બઢતા જાયેગા (વધારો થશે) ઇસલીએ ચાંદ ફી ઘંટા (દર કલાકે) એક હઝાર મેલ (માઇલ) મસાફતે અરઝીયા (જમીનનું છેટાપણું) તય કરતા હય (પસાર કરે છે) ઓર જીસ રોઝ ચાંદ કાબીલે નઝર આનેકે કાએદએ ઇલ્મે મનાઝીલ હોતા હય તો ૧/૧૪ યઅને ચઉદવાં હિસ્સા ઉસકા નુરાની હોકર નઝર આતા હય. ફીર ચુંકે ૧૪ રોઝ કે ૩૩૬ ઘંટા (કલાક) હોતે હય લેહાઝા ફી ઘંટા (દર કલાકે) ૧-૩૩૬ હિસ્સા નુરાની હોતા હય ઓર ૨ હમકો નઝર અતા હય.

અબ દેખો જો મકામ હઝાર મેલ પુરબ (પુર્વ) મસલન ફ્યઝાબાદસે હય વહાંપર વકતે ગુરુબે ચાંદ (ચાંદ જેવા ટાણે) ૧-૩૩૬ હિસ્સા નુરાની હોગા ઓર જો મકામ ઉસી પુરબ વાલે મકામસે હઝાર મેલ પછમ હય વહાં ચાંદ એક ઘંટા કે બઅદ પહોંચેગા લીહાઝા ઇસ કાએદએ હિસાબકી રૂસે ૨-૩૩૬ હિસ્સા ચાંદકો નુરાની હોના ઝરૂરી હય.

ઓર યેહભી લાઝીમ હય કે પછમવાલે મકામ પર બશરતે ન હોને અબ્રોહવા (વાદળા વી.) વગયરા માનેઓ રૂઅયત કે ચાંદ ઝરૂર નઝર આએ ઓર દોચાંદ (ડબલ નુરાની) મિકદાર પર પુરબવાલે મકામસે હો (પુર્વ તરફ હઝાર માઇલના મુલ્કની તે પશ્ચિમ તરફના મુલ્કમાં ડબલ નુરાની ચાંદ ૨-૩૩૬ દેખાવો જોઇએ) મગર અયસા નહીં હોતા, રંગુનમેં નઝર આયા ઓર ફ્યઝાબાદ અગરચે મતલઅ સાફ થા (વાદળા વી નહીં હોવા છતાં) નહી નઝર આયા ઇસસે ઝીયાદા તઅજ્જુબ ખયઝ (વધુ અચરત પમાડનાર) યેહ બાત હય કે જબ કીસી માહમેં રૂઅયતે

હિલાલ-તમામ દુન્યામેં બરોઝે વાહીદ હોતી હય ચાંદકા હુજમ એકહી મીકદાર પર દેખા જાતા હય યઅને ૧-૩૩૬.

(સાર જ્યારે કોઇ મહીનામાં આખી દુન્યામાં એકજ દીવસે નવો ચાંદ દેખાય છે તે દિવસે હજારો માઇલનું છેટાપણુ હોવા છતાં દરેક નવો ચાંદ ૧-૩૩૬ ભાગ દેખાય છે. નુરમાં વધઘટ જેવું હોતું નથી તેથી અલ્લાહની શાન, કુદરત અને મરજી સિધ્ધ થાય છે, તેમજ કોઈ વખતે આખી દુન્યામાં એકજ વખતે દેખાય છે અને કોઇ વખતે હિન્દુસ્તાનમાં દેખાય તો આફ્રીકામાં વાદળા વી. ન હોવા છતાં દેખાતો નથી એ અલ્લાહની મરજી અને શાન છે, અને ચાંદ દેખાય તોજ નવો મહીનો દાખલ થયેલો ગણાય, અને ચાંદ દેખાય તોજ નવા મહીનાના રોઝા. ઈદ, હજ વી.ના અમલ થાય તેનો હુકમ કુરઆન અને હદીસોમાં છે. જે મુલકમાં અલ્લાહની મરજી ન હોય કે ચાંદ દેખાય તો તે મુલકના લોકો માટે લાઝીમ વાજીબ છે કે અધુરા અને ખોટા પડતા હિસાબના આધારે નવા મહીનાના અમલ રોઝા ઈદ વી. શરૂ નહીંજ કરી શકે. જેમકે સવારના અથવા બપોરના વખતે સુર્ય ગ્રહણ થાય છે. સુર્ય તે વખતે એશીયા આફ્રીકા અને યુરોપમાં દરેક ઠેકાણે દેખાય છે છતાં યુરોપ હિન્દુસ્તાનમાં ગ્રહણ દેખાય છે જ્યારે કે આફ્રિકામાં સુર્ય દેખાતો હોવા છતાં ગ્રહણ દેખાતું નથી. તે સમયે યુરોપ અને હિન્દુસ્તાનના મુસલમાનો ઉપર નમાઝે આયાત વાજીબ થાય છે; જ્યારે કે આફ્રિકાના મુસલમાનો માટે ગ્રહણ નહી થવાથી નમાઝે આયાત વાજીબ થતી નથી. એજ મુજબ અચિત નવો ચાંદ દેખાય તોજ તે નવા મહીનાના અમલ શરૂ થઇ શકે

હિંદુસ્તાન આફ્રીકા યુરોપ હરેક ઠેકાણે એકજ મીસરી તારીખ મુજબ મહીના શરૂ નહીં થઇ શકે એ સાધારણ સમજ ધરાવનાર ઇન્સાન સહજ સમજી શકે. લેખક).

"ક્યા કીસી ફલસફા ઓર કામીલ મોહદ્દીસકી મજાલ હય કે ઇસકો અપને ઉસુલે મવહુમ (બીન પાયાદાર તરંગોના હિસાબ) સે સાબીત કરદે.

યેહી સબબ હય કે હમારે હાદીએ બરહક (પયગમ્બર અને તેમના પછી જાનશીન મઅસુમ ઇમામો)ને બનાએ હુવે અહકામે શરીઅત ઉસુલે મવહુમ ઇલ્મે હયઅત (બીન પાયાદાર નજુમ ઇલ્મના સિધ્ધાંત ઉપર) નહીં રખ્ખી.

ઓર ક્યા સચ્ચા કુરઆન હય જો કેહતા હય "વલ કમર કદ્દર નાહુ મનાઝીલ હત્તા આદકલ ઉરજુનીલ કદીમ" યઅને ઉસી મીકદારે ઉરજુને કદીમ પર હર મકામ પર નજર આતા હય તો જો મકામ ૧૨ હજાર મયલ પછમ, કીસી મકામસે હય ઓર ૧૨-૩૩૬ હીસ્સા જુમે કમર (ચાંદ) રોશન હોના ઇસી કાયદાસે ચાહીએ. લયકીન વહાંભી ઉસ વકતે રૂઅયત ૧-૩૩૬ નજર આતા હય ઝાલિક તકદીરૂલ અઝીઝીલ અલીમ ઓર ક્યસા સખ્ત એઅતેરાઝ મુનકીરીને કુરઆન કા ઇસ મસઅલેકે મુત્તહીદ હોનેસે દફ્અ હોતા હય અલ્લાહુમ્મ લકલહમ્દ."

મુહન્દસ બસા જુયદ અઝરાઝે, શાન
ન દાનદ કે ચું કરદી અઝરાઝે શાન
હીચમદાન ગુલામ હુસેનયન કન્તુરી.

પ્રથમ ઇંગ્મે કયામતનો હિસાબ કહ્યું. એક બીજાથી વિરૂધ્ધ બીન પાયાદાર હોય છે. વળી ઉપરોક્ત લખાણથી અલ્લાહની શાન મરજી સુર્યચાંદ તારાની હીલચાલના બારામાં હોય છે જે અલ્લાહના રસુલ અને ઇમામો માત્ર સમજી શકે છે દુન્યામાં સુર્ય ચાંદ તારા વીગેરે બાબીત પોતાની ચાલ ઉપર અલ્લાહના નિર્માણ થયલા હુકમ મુજબ નિયમિત ચાલે છે. છતાં અલ્લાહની મરજી મુજબ કોઇ ઠેકાણે દેખાય છે અને બીજે ઠેકાણે દેખાતો નથી. એ સઘળું વેહમી બીન પાયાદાર હીસાબના આધારે જાણી નહીં શકાય તેથી શરીઅતમાં અલ્લાહના રસુલ સ.એ જે ફરમાવ્યું હોય તેના ઉપર અમલ કરવું દરેક મુસલમાનની ફરજ છે.

વળી જ્યારે નવો ચાંદ દેખાય તે દિવસે અને ઇસ્લામી પહેલી તારીખના દિવસે મીસરી બીજી કે ત્રીજી તારીખ હોય છે તો તેઓની બીજી અથવા ત્રીજી તારીખ મુજબ ચાંદના કદ અને નુરમાં વધારો થતો નથી બલ્કે નવો ચાંદ એકદમ ઝીણો અને ૧/૧૪મો ભાગ દેખાય છે એવીજ રીતે પુનમનો ચાંદ સંપુર્ણ નુરાની હોય છે તે વખતે મીસરી તારીખ ૧૫મી અથવા ૧૬મી તારીખ હોય છે.

વળી ચંદ્રગ્રહણ પુનમનો ચાંદ હોય ત્યારેજ થાય છે જેમકે ૧૮ નવેમ્બર ૧૯૫૬ પુનમના દિવસે ચંદ્રગ્રહણ હતું તે દિવસે મીસરી તારીખ ૧૫ રબીઉલ આખર હતી, જે પુનમ નહોવાથી ચંદ્રના ઇસ્લામી અથવા ભુગોળ શાસ્ત્રના હિસાબથી બીલકુલ અલગ અને અનોખું કહી શકાય.

(૨) ચાંદના બારામાં કુરઆનની આયતો

૧. "યસઅલૂનક અનિલ અહિલ્લહ. કુલ હિય મવાકીતુ લિન્નાસ વલહજ." (સુરએ બકરહ પારો ૨. આયાત ૧૮૯) તમોને હિલાલ (પહેલી રાતના ચાંદ)ના બારામાં તેઓ પુછે છે, કહો કે તે (નવા ચાંદ) લોકોના માટે વખત અને હજનો દિવસ જણાવવા માટે છે. તેની તફસીરમાં છઠ્ઠા ઇમામ (અ) મે ફરમાવ્યું કે તે લોકોના રોઝા, ઇદ અને હજનો વખત જણાવવા માટે છે. તફસીરે સાફીમાં આયે આયતની તફસીરમાં લખે છે કે" હિલાલ (નવો ચાંદ(ખુદાના તરફથી નિશાની છે, જે વડે લોકો ખુદાની ઇબાદતનો વખત નક્કી કરે." હ૦ ઇમામ જઅફરે (અ)મે ફરમાવ્યું છે કે હિલાલ મહીનો જાહેર કરવા માટે છે તમે ચાંદ જુઓ તો રોઝા રાખો અને ફરી, ચાંદ જુઓ તો રોઝા ખતમ કરો

પહેલી રાત અને બીજી રાતના ચાંદને હિલાલ અને તે પછી તેનું નામ કમર અને ૧૪મી રાતના પુનમના ચાંદને બદર કહે છે.

૨. "ફમન શહિદા મિનકુમુશ્શહર ફલ્યસુમ્હુ" અને તમારામાંથી જે માહે રમઝાનને જુએ (હાજર હોય અથવા પોતાના વતનમાં હોય) તે રોઝા રાખે

અરબી લુગત કામુસ (ડિક્ષનેરી)માં શહર (મહિના)ના અર્થમાં લખે છે કે દિવસોની (શહુર) ગણત્રીને શહર મહિનો કહે છે. તેમજ મજમઉલ બહરયન (જે લુગતની કિતાબ છે) તેમાં લખે છે કે શરીઅતે ઇસ્લામમાં શહર (મહિના) બે ચાંદ વચ્ચેના દિવસો કહેવાય છે.

શેખ અબુઅલીએ કહ્યું છે કે મહિનાનું શહર-ચાંદની શોહરત (જાહેર થવા) ઉપરથી નામ પડયું છે અને શહર મહિનો ૩૦ દિવસનો અથવા કોઈ વખતે ૨૯ દિવસોનો થાય છે. ચાંદના જોવા ઉપરથી. પણ જો ચાંદના હિસાબ વગર હોય તો સાધારણ રીતે ૩૦ દિવસનો મહિનો ગણાય છે.

૩. "ઈન્નમન્નસીઉ ઝીયાદતુન, ફીલ કુફ્ર." (સુરા તવબા આયત ૩૭) (અર્થ) હુરમતવાળા મહિનાઓને આગળ પાછળ કરી દેવા એ એ (કુફ્ર) અધિર્મ-પણામાં વધારો કરવા જેવું છે; જેઓ ઈમાન નથી લાવ્યા તે વડે તેઓને ગુમરાહ કરવામાં આવે છે. કેમકે એક વર્ષ તેઓ તેને હલાલ ઠરાવી લે છે અને એક વર્ષ તેનેજ હરામ ઠરાવે છે.

અરબ લોકો મહિનાનો હિસાબ ચાંદથી કરતા હતા પરંતુ દર ત્રણ વરસે 'કબીસા'નો હિસાબ કરી એક મહિનો વધારી ૧૩ મહિનાનું વરસ ગણતા હતા. જેવી રીતે હિંદુઓ ચાંદના હિસાબથી મહિનો ગણી ત્રણ વરસે અધિક માસનો વધારો કરીરહયા છે. જે માત્રે અરબો પોતાની હજની મોસમ અને વેપારનો મેળો એકો વખતે થઈ શકે. તે હિસાબના વધારાને પરવરદીગારે કુરઆનમાં કુફ્રની ઉપમાં આપી છે.

૪. "હુવલ્લઝી જઅલશ્શમ્સ ઝીયાઅન વલકમર નુરન વ કદદરહુ મનાઝીલ લિતઅલમૂ અદદસ્સિનીન વલ હિસાબ મા ખલકલ્લ હુ ઝ લિક ઈલ્લા. બિલહક. યુફસ્સીલુલ આયાત. લિકવમીન્યઅલમુન (સુરા યુનસ

આયત ૫મી.) અર્થ તે (અલ્લાહ) એજ છે કે જેણે સુર્યને પ્રકાશિત બનાવ્યો અને ચંદ્રમાને તેજસ્વી કર્યો તથા તેની મનઝીલો નક્કી કરી કે જેથી તમે વર્ષોની ગણત્રી તથા હિસાબ સમજો

સુર્ય અને ચંદ્ર વરસના હિસાબ માટે છે. છતાં રોઝા અને ઇદ તેમજ હજના અઅમાલના માટે હિલાલ નવા ચાંદ માટે જુદી આયતે કુરઆનમાં જે નંબર ૧ની આયતમાં સ્પષ્ટ કરવામાં આવેલ છે. તેથી ચાંદ થય.ની ખાત્રી કરીનેજ અમલ થઇ શકે છે.

(૩) ચાંદ જોવા વિષેની હદીસો

ચાંદ જોવા વિશે ચાર રીતોથી ખરી ખાત્રી થાય છે.

૧. પોતે નજરે જો ખાત્રી કરે તેના બારમાં ૩૦ હદીસો છે.

૨. બે આ દીલો કહે કે અમો પોતે જોઇ ખાત્રી કરેલ છે તેના બાબામાં ૧૬ હદીસો છે.

૩. શીયાઅ શોહરત. ઘણા માણસો. દરેક કોમના-ગલકે નજીકના મુલકોથી ચાંદ જોઇ ખાત્રી કરવાની ખબર ફેલાઇ જાય. તેના માટે ૭ હદીસો છે.

૪. મહીનાના પુરા ૩૦ દીવસો થતાં મહીનો પુરા થઇ જવા વિશે ૩૭ હદીસો છે તેમાંથી ૧૪ હદીસો લખવામાં આવે છે.

૧. મુહમ્મદ હલબી હ૦ સાદીક (અ.)થી રીવાયત કરે છે કે ઇમામ (અ.)એ ફરમાવ્યું', હું' ચાંદ (સાબીત કરવા)ના બારામાં રજા નથી આપતો સિવાય બે આદિલોની ગવાહી, શહાદતથી. (વસાએલ

અથવા કોઈ હિસાબથી ચાંદ જોયા વગર કરે તે કબુલ નહિ થઈ શકે)

૨. અલી ઇબ્ને ઈબ્રાહીમ પોતાના બાપથી અને તે ઇબ્ને અલી ઉમેરથી અને તે ઉસમાનથી અને તે હ૦ સાદીક (અ.)થી રીવાયત કરે છે કે હઝરતે ફરમાવ્યું' હ૦ અમીરૂલ મુઅમીનીન (અ.)એ ફરમાવ્યુ' ચાંદ જોવાના બારામાં ઓરતોની શહાદત જાયેઝ (કબુલ કરવા લાયક)નથી અને આમ લોકોની શહાદત જાયઝ નથી સિવાય બે આદીલો ગવાહી આપે તોજ ચાંદ સાબીત થાય.

૩. છઠ્ઠા ઇમામ (અ૦)એ ફરમાવ્યુ' કે દરેક એહલે કિબ્લા માટે ચાંદ જોવુ લાઝીમ છે અને દરેક મુસલમાન માટે રૂઅયત ચાંદ જોવુ' લાઝીમ છે.

હયય અલા અહલીલ કિબ્લતી ઇલ્લા રૂઅયતુ. વલયસ લીલ મુસ્લીમીન ઇલ્લા રૂઅયતુ.

૪. અહમદ બીન અલી બીન હકમ, અબુ અય્યુબથી રીવાયત કરે છે કે છઠ્ઠા ઇમામ (અ.)એ ફરમાવ્યુ' કે જ્યારે ચાંદ જુઓ રોઝા રાખો. અને ફરીવાર ચાંદ જુઓ તો ઇફતાર કરો અને તે (ચાંદના બારામાં) ગુમાન અથવા અટકલ નહી થઇ શકે અને દસ જણા ઉભા થાય તેમાં એક કહે આ ચાંદ દેખાય છે અને નવને નહિ દેખાય તો તે ચાંદ સાબીત નહિ થાય, પણ ચાંદ સાબીત ત્યારે થાય કે જ્યારે હજાર જેવા માંગે તો બધા જોઇ શકે એટલે ખુલ્લો હોય.

૫. હ. જાબીરે અન્સારી હ૦ ઇમામ મહમદ બાકર (અ.)થી રીવાયત

કરે છે હઝરતે ફરમાવ્યું કે જ્યારે હ૦ રસુલે (સ.) માહે મુબારકે રમઝાનનો ચાંદ જોતા હતા કીબ્લા તરફ ફરી પોતાના હાથો ઉઠાવી દુઆ પડતાં હતા. અલ્લાહુમ્મ અહીલ્લહુ............

૬. ઇમામ (અ.)મે ફરમાવ્યું જ્યારે માહે મુબારક રમઝાનનો ચાંદ થતો હતો ત્યારે હ૦ અમીરૂલમુઅમીનીમ (અ.) કીબ્લા તરફ મોઢું કરી હાથ ઉંચા કરી દુઆ પડતા હતા, અલ્લાહુમ્મ અહીલ્લહુ અલયના બીલ અમ્ન."

૭. હઝરતે રસુલે ખુદા (સ)મે છ પ્રકારના દીવસોના રોઝાની મનાઇ ફરમાવી છે (૧) ઇદે ફીત્ર (૨)યવમુશ્શક (૩)યવમુન્નહર (ઇદે કુરબાની)ત શરીકના હજ પછી ૩ દીવસો.

આ બે હદીસમાં યવમુશ્શક (શકનો દીવસ)છે જેથી ચાંદ જોયાની સાબીતી જરૂરી અને મીસરી તારીખ બાતલ ઠરે છે. જો મીસરી તારીખ મુજબ શાબાનના ૨૯ અને માહે મુબારકના ૩૦ નિર્મણ થયેલ તો યવમુશ્શકનો અર્થ થતો નથી. કદાચ હ૦ રસુલ (સ.) મીસરી તારીખના સહેલા હિસાબથી ના વાકેફ હતા(મઆઝલ્લાહ.)

૮. ઝયદ બીન ઉસ્માન નકલ કરે છે કે હ૦ સાદીક અ.)ને હિલાલના) બારામાં પુછ્યું તો ફરમાવ્યું કે હિલાલ મહિનાની શરૂઆતની નિશાની છે જ્યારે ચાંદ જુઓ રોઝા રાખો અને જ્યારે બીજો ચાંદ જુઓ, તો રોઝા તમામ કરો. પછી મે પુછ્યું કે જો ૨૯મો મહીનો હિલાલ

રોઝા તમામ કરે? હઝરતે ફરમાવ્યું નહિ જ્યાં સુધી બે આદીલ મુઅ્‌-મીનો શહાદત નહિ આપે કે તેઓએ ચાંદ જોયું છે ત્યાં સુધી રોઝા તમામ કરો: નહિ તો આવી વગર ઇદ કરેલ હોય તો તે રોઝાની કઝા રાખો. આએ હદીસથી સિધ્ધ થશે કે ચાંદના બારામાં ઇમામોના સમયમાં ઇસલામના મુલકોમાં મતભેદ થતો હતો તેથી ઇમામને લખી પુછાવતા હતા.)

૯ પાંચમા ઇમામે અ.મે ફરમાવ્યું કે જ્યારે (ચાંદ જોઇને) લોકો રોઝા રાખે તમે રોઝા રાખો અને તેઓ (ચાંદ જોઇને) ઇદ કરે તમે પણ ઇદ કરો કેમકે પરવરદીગારે હીલાલ (પહેલી રાતનો ચાંદ) લોકોને વખત દેખાડવા માટે રખેલ છે.

૧૦ અબી ખાલિદિલ વાસ્તી ૩૦મી શાબાન યવમુશ્શકના દિવસે પાંચમા ઇમામની ખીદમતમાં હાજર થયો, જોયું કે. હઝરત સામે જમણ રાખવામાં આવ્યું અને પોતે જમી રહ્યા છે, મેં કહ્યું કે આજે યવમુશ્શક છે. હઝરતે ફરમાવ્યું કે જ્યાં સુધી ચાંદ સાબીત નહિ થાય રોઝા નહિ રાખો, પછી ફરમાવ્યું મારા પીદરે બુઝરગવાર હ૦ ઇમામ અલીબ્બન હુસયન (અ.) મે ફરમાવ્યું કે હ૦ અમીરૂલ મુઅ્‌મી-નીન.(અ.) મે ફરમાવ્યું કે હ૦ રસુલે ખુદા.(સ.) મે પોતાની છેલ્લી બીમારીમાં અસ્હાબોને ફરમાવ્યું, વરસના ૧૨ મહિનાઓ છે પ્રથમ રજબ પછી ઝીલકાદ, ઝીલહજ અને મુહર્રમ એ ચારે મહિના એક પછી એક હુરમતના મહિનાઓ છે. અને માહે

મુબારકે રમઝાનમાં રોઝા વાજીબ છે. તમે ચાંદ જોઇને રોઝા શરૂ કરો અને ચાંદ જોઇને પુરા કરો, પણ ચાંદ નહિ દેખાય તો શાબાનના ૩૦ દીવસ પુરા કરી તે પછી રોઝા રાખો. હ. અમીરૂલ મુઅમીન (અ.) એ ફરમાવ્યું કે હ૦ રસુલ (સ.)ના વખતમાં અમે માહે મુબારકના ૨૯ રોઝા રાખ્યા હતા (ચાંદ થવાથી) અને તેથી અધુરા નહિ પણ પુરા મહિનાના રોઝા થયેલા ગણાય.

૧૧ હ૦ ઇમામ જઅફરે સાદીક (અ૦)એ ફરમાવ્યું કે ચાંદ જોવાના બારામાં જ્યારે બે આદીલો ગવાહી આપે કે ચાંદ જોયું છે અથવા ૫૦ માણસો એજ ગામના શહાદત આપે કે તેઓએ ચાંદ જોયું છે તો ચાંદ સાબીત થાશે. વળી ફરમાવ્યું કે ઓરતોની શહાદત તલાકના બારામાં અને ચાંદના બારામાં કબુલ નહિ થઇ શકે.

૧૨ એક અસ્હાબે હ૦ સાદીક (અ૦)ને પુછયું કે એક માણસ પોતે એકલાને ચાંદ દેખાય, બીજાઓ નહિ જોઇ શક્યા હોય, તો, શું તે જોનાર રોઝો રાખી શકે છે? હઝરતે ફરમાવ્યું કે જો તેને પુર્ણ ખાત્રી થઇ હોય કે ચાંદ જોયું છે તો તે રોઝો રાખે; પરંતુ જો તેને પુર્ણ ખાત્રી થઇ ન હોય તો ચાંદની ખાત્રી થયા પછી અથવા બીજે દિવસે મહિનો પુરો થવાથી બીજાઓ સાથે રોઝો રાખે.

૧૩ ઇબ્ને ઉમર હ૦ રસુલ (સ૦)થી નકલ કરે છે કે હઝરતે ફરમાવ્યું, "લા તસુમુ હત્તા તરવુલ હિલાલ, વલા તફતુરૂ હત્તા તરવહુ ફઇન્ન અગમા અલયકુમ ફક-દિરૂ લહુ" (અર્થ) તમે રોઝા નાહક રાખો જ્યાં સુધી કે ચાંદ જોઇ ખાત્રી કરો, અને રોઝા પુરા નહિ કરો જ્યાં સુધી ચાંદ નહિ જુઓ. જો વાદળાથી ચાંદ નહિ દેખાય તો હિસાબ પુરો કરો. (૩૦ દિવસ પુરા કરો) (સહીહ મુસ્લીમ).

૧૪ ઇબ્ને ઉમર હ૦ રસુલ (સ૦)થી રીવાયત કરે છે કે હઝરતે માહે મુબારક યાદ કરી પોતાનો એક હાથ બીજા હાથ ઉપર મારી ત્રણ વખત હથેળી ઉંચી કરીને ફરમાવ્યું કે મહિનો આ મુજબ છે (એટલે મહિનો ૩૦ દિવસનો હોય છે) ચાંદ જોઇ રોઝા રાખો અને ચાંદ જોઈ ઇદ કરો. જો વાદળાના કારણે ચાંદ નહિ દેખાય તો તેની ગણત્રી ત્રીસની કરો (ફઅકદિરૂ લહુ સલા સીન) (સહીહ મુસ્લિમ)

એવી લગભગ તેમાં ૨૮ હદીસો છે જેમાં ચાંદ જોઇ રોઝા રાખવાનો અને ચાંદ જોઇને ઇદ કરવાનો અને વાદળાના લીધે ચાંદ નહિ દેખાય તો ૩૦ દિવસો પુરા કરવાનો હુકમ છે.

[૪] મીસરી કેલેન્ડર

મીસરી કેલેન્ડર, જે વર્તમાન કાળમાં, ફકત, વહોરા કોમના અમારા ભાઇઓમાં પ્રચલિત છે તે કેલેન્ડરના આધારે, માહે મુબારક રમઝાનના રોઝા ઈદ અને હજ વીગેરેના અઅમાલ બજાવી લાવે છે. તેઓ ચાંદ જોઇ અમલ કરવાની જરૂરીયાતે સ્વિકારતા નથી. તેથી મીસરી કેલેન્ડરની હકીકત અને સમજણ લખીએ છીએ.

હિન્દુસ્તાનમાં કેલેન્ડરો (દરરોજ ફાળવ ની તારીખો) છપાય છે જેમ અહમ (મોહોમદન ઇસલામી) માટે મો.તા. લખે છે તે જગ્યાની બીજી લીટીમાં મીસરી તારીખ લખે છે. તેથી પણ સિધ્ધ થશે કે મીસરી તારીખ, હિન્દુઓની નજરમાં ઇસલામી તારીખથી અલગ હીસાબ છે.

ચાંદ જોવાના ઇસ્લામી તારીખોમાં દર વરસે બે અથવા ત્રણ મહીના ઉપરા ઉપર ૨૯ દીવસોના અને બેથી ત્રણ મહીના ઉપરાઉપર ૩૦ દીવસો મહીના એટલે ચાંદ દેખાય છે જયારે મીસરી કેલેન્ડરમાં, નિયમિત ૩૦ અને ૨૯ દીવસોના એક પછી એક મહીનાઓ ગણે છે. જો મીસરી કેલેન્ડર ઉપર અમલ થાય તો તે કોઇ રીતે, કોઇ વખતે નવાં ચાંદના દેખાવના હીસાબ ઉપર અમલ નહીજ થઇ શકે.

શું રોઝા-ઈદ, હજ વીગેરેના અઅમાલ બજાવી લાવવા માટે ચાંદ જોઇ ખાત્રી કરવાની મુતલ કશી જરૂરત રહી નથી? શું તે સબંધી કુરઆનની આયતો, પયગમ્બર સ૦ અને ઇમામોની સઘળી હદીસો, અને ૧૩૦૦ વરસોથી ચાંદ જોઇ ખાત્રી કરવાની રીત અર્થ વગરની, બાતલ કરી માત્ર મીસરી તારીખના ૨૯ અને ૩૦ દીવસોની એક પછી એક મહીનાઓ ગણવાની રીત ઇખતીયાર કરવી? ખચિત ચાંદ જોઈ ખાત્રી કરી મહીના શરૂ કરવાની અને મીસરી કેલેન્ડરની બન્ને રીતો એક સરખી હોતી નથી કેમકે કોઇ રીતે એ બન્ને હીસાબોનો મેળ થાતોજ નથી એક ઉપર અમલ કરવા માટે બીજાને સદંતર તજી દેવાની ફરજ પડશે તેથી એ બેઉ માંથી ખરી અને અમલ કરવા લાયક કઇ રીત છે તે આ પુસ્તિકામાં ખુલાસાવાર લખેલ છે.

આખી જગતમાં એકજ દીવસે રોઝા અને ઇદ શરૂ નહીજ થઇ શકે (જે બીલકુલ અસંભવિત અને અશકય હોય છે) કેમકે આફાક એક સરખી ન હોવાથી દીવસ-કલાક અને તારીખ એક રેહતા નથી. વળી મીસરી કેલેન્ડર ઉપર અમલ કરવા માટે મુશાહિદાત, (નજર સામેની બાબતો) કુરઆન, હદીસો, વડે સાબીત થયલા ૧૩૦૦ વરસથી (મીસરી કેલેન્ડર ઉપર અમલ કરનારા શિવાયના) સઘળા મુસલમાનોના અમલને બાતલ નહી કહી શકાય. મિસરમાં મુસલમાનોના પહોંચ્યા અગાઉ કીબ્તી કેલેન્ડરનો હિસાબ હતો જેમાં મહીના ચાંદના હિસાબથી, અને વરસ સૂર્યની ચાલના હિસાબ ઉપર હતો. તે પછી મુસલમાનો મીસરનો મુલક

હીજરી સને. ૨૭૯થી૨૮૯ સુધી અબ્બાસી ખલીફા મુઅતઝિદ-બિલ્લાહે પોતાના રાજ્ય અમલમાં, ટેકસ વસુલ કરવા માટે, હીજરી ઈસ્લામી વરસ જે ચાંદના હિસાબથી છે તેને શમસી સુરજના હિસાબના વરસનો મેળ કરી દેવા, નસીઅ અને કબીસાથી હીસાબમાં ફેરફાર કર્યો. દર ૩૦ હીજરી વરસોમાં શમસી હિસાબનો મેળાપ કરવા માટે એક વરસ ઘટાડવાનો કાયદો જારી કર્યો, તે પછી સને ૨૯૭થીસને ૫૬૭હીજરી સુધી લગભગ ૨૭૦ વરસો મીસરમાં ખુલફાએ ફાતીમીય્યહનું રાજ્ય અમલ રહ્યુ. જે ઈસમાઈલીઓના ઈમામો ગણાતા હતા, તે સમયમાં ઉપર મુજબ મીસરી હિસાબનો રિવાજ રહ્યો. ખુલફાએ ફાતિમીય્યહના રાજ્ય અમલના છઠા બાદશાહ, હાકિમબિઅમ્રિલ્લાહ (સને ૩૮૬–૬૧૧ના હીજરી)ના સમયમાં ઇબ્ને યુનુસ ખગોળ શાસ્ત્રી (નજુમીએ) એક નવો હિસાબ બનાવ્યો, અને. ઝન્જેહાકિમી, નામની ચાર જીલ્દ કોતાબો લખી જેથી મીસરી તારીખ તે હિસાબના આધારે થયો હોય એવું માની શકાય.

ફાતિમીય્યહ ખુલફા પછી, અય્યુબી ખાનદાનના બાદશાહો થયા, તે પછી તુરકીના ઉસમાની રાજ્યના અમલ હેઠળ રહ્યું, તે પછી ખેદીવ બાદશાહોનું રાજ્ય અમલ રહ્યુ, વર્તમાન કાળમાં મીસરમાં જમહુરી સ્વતંત્ર રાજ્ય અમલ છે.

યાદ રાખવું જોઈએ કે એ મીસરી હિસાબ માત્ર સરકારી ટેકસ વસુલ કરવા રાજ્ય કારભાર માટે રહ્યું છે. જ્યારે કે, મિસરના સઘળા

મીસરી તારીખ, યુરોપ હિન્દુસ્તાન, અને ઇસલામી નજુમી ઓના (ખગોળ શાસ્ત્ર, ઇલમે હયઅતના) હીસાબથી અનોખુ અને સાવ અલગ છે જે નીચે લખેલ કોઠાથી તેમજ હિંદુ કૃત સો વરસના પંચાગના અંગ્રેજી પુસ્તકના લખાણથી સિધ્ધ થાશે.

નવો ચાંદ દેખાવ થવાની તારીખો નજુમીઓના હીસાબ મુજબ

યુરોપના ખ્રિસ્તી નજુમીઓના હીસાબ મુજબ ચાંદ થવાનો દીવસ			હિન્દુ પંચાગ મુજબ ચાંદની
૧૯૫૬	તારીખ-	ઇસ્લામ તારીખ	તારીખ
ફેબ્રુઆરી	૧૩	૩૦	૩૦
માર્ચ	૧૪	૩૦	૩૦
એપ્રીલ	૧૨	૨૯	૨૯
મે	૧૧	૨૯	૨૯
જુન	૧૦	૩૦	૩૦
જુલાઇ	૯	૨૯	૨૯
આગસ્ટ	૭	૨૯	૨૯
સપટેમ્બર	૬	૩૦	૩૦
અક્ટોબર	૫	૨૯	૨૯
નવેમ્બર	૪	૩૦	૩૦
ડીસેમ્બર	૩	૧૯	૨૯
૧૯૫૭			
જાન્યુઆરી	૨	૩૦	૩૦

નવા ચાંદ દેખાવ થવાની તારીખો નજુમીઓના હીસાબ મુજબ

	ઇસ્લામી તારીખો જન્તરી મુજબ			મીસરી તારીખ	
સોમવાર	૩૦	જ. આખર		૧	રજબ
બુધ	૩૦	રજબ	×	૨	શાબાન
ગુરૂ	૨૯	શાબાન	×	૨	રમઝાન
શુક્ર	૨૯	રમઝાન		૧	શવાલ
રવી	૩૦	શવાલ	+	૨	ઝીલકાદ
સોમ	૨૯	ઝીલકાદ		૧લી	ઝીલહજ
મંગળ	૨૯	ઝીલહજ		૧	મુહરમ
ગુરૂ	૩૦	મુહરમ		૧	સફર
શુક્ર	૨૯	સફર		૧	ર. અવલ
રવી	૩૦	ર. અવલ.	+	૨	ર. આખર
સોમ	૨૯	ર. આખર		૧	જ. અવલ
બુધ	૩૦	જ. અવલ		૧	જ. આખર

ઉપર લખેલ કોઠાથી સિધ્ધ થાશે કે ખગોળ શાસ્ત્રના (નજુમીઓના) ત્રણે હીસાબથી ચાંદ થવાની છેલ્લી તારીખો લગભગ એકજ હોય છે જ્યારે કે મીસરી તારીખ એ ત્રણે હીસાબથી સાવ અલગ અને એનોખો હોય છે. વળી એ ખગોળ શાસ્ત્રના ત્રણે હીસાબથી એ પણ સિધ્ધ થાય છે કે વરસ દરમ્યાન બેધા ત્રણ મહીના ઉપરાઉપર રહના

ઉપર લખેલ કોઠાથી સિદ્ધ થાશે કે ખગોળ શાસ્ત્રના (નજુમીઓના) હીસાબથી ચાંદ થવાની છેલ્લી તારીખો લગભગ એકજ હોય છે. જ્યારે કે મીસરી તારીખ એ ત્રણે હીસાબથી સાવ અલગ અને અનોખો હોય છે વળી એ ખગોળ શાસ્ત્રીના ત્રણે હીસાબથી એ પણ સિદ્ધ થાય છે કે વરસ દરમ્યાન બેથી ત્રણ મહીના ઉપરા ઉપર ૨૯ના અને એ મુજબ બેથી ત્રણ મહીના ઉપરાઉપર ૩૦ દીવસોના પણ થાય છે. જે મીસરી તારીખ મુજબ એક મહીનો ૩૦ બીજો ૨૯નો સીલસીલો ખચિત ખગોળ શાસ્ત્ર અથવા બીજા કોઈ હીસાબથી સાવ અલગ અને અનોખો હોય છે. તદુપરાંત મીસરી તારીખ ઇસલામી તારીખથી સદા એક અથવા બે દીવસો આગળ હોય છે અને ઉપલા કોઠામાં જ્યાં + ની નીશાની કરી છે તેમાં એ વરસ દરમયાન ત્રણ મહીનામાં બબે દીવસો આગળ વધી જાય છે.

ઇસલામી અને મીસરી તારીખ સબંધી શ્રી જશવંતસિંહજી પ્રિન્ટીંગ પ્રેસ લીંબડી કાઠયાવાડમાં, પ્રગટ થયલ ૧૦૦ વરસના કેલેંડરના પુસ્તકમાં તેના લેખક જગજીવન જી. જેઠા ભાઇએ ઈ. સન. ૧૮૪૫થી ૧૯૪૫ સુધીનું કેલેંડરની ૧૯૩૨ની ૩જી આવૃતીના પેજ ૨૪, ૨૫માં MAHOMEDAN CALENDAR ના મથાળા હેઠળ, ઇસલામી મહીનાના હિસાબ વિશે નીચે મુજબ લખ્યું છે.

Most Mahomedans begin a month from the first appearance of the new moon with the limitation, that no month can exceed 30 days. So that even if, owing to clouds or otherwise a particular new moon is not

visible. A new month is begun. If the previous new moon has been seen first, thirty days before.

As these conclusions are elaborate. Various plans have been devised to fix the dates more easily. Two of them are described here, But it must be remembered that the dates so fixed are only approximate, and may differ by a day or two from the date of general use derived from the actual observations of the new moon.

A. The months are taken to contain alternatively 30 and 29 days, making 354 days, in an ordinary year In the years which contain 355 days, last month is made to contain an additional 30th day.

A Few sects use calendars based on such plans and so their dates may differ by a day or two from those of the majority of their co-relegionist.

[B] This is the method followed in this book and it gives results nearer the truth, than the preceeding method.... .....And assumption as to the visibility of the new moon is also near the truth.

(તરજુમો) મુસલમાનોનો મોટો ભાગ ચાંદ જોઈને નવો મહીનો શરૂ કરે છે. તેઓ વધુમાં વધુ મહીનના ૩૦ દીવસો ગણે છે. જો વાદળા

અથવા કોઇ બીજા કારણે ચાંદ જોવામાં નહીં આવે તો પ્રથમ મહીનાના ચાંદને ૩૦ દીવસો પુરા થવાથી તે મહીનો પુરો અને નવો ચાંદ થયેલો ગણે છે.

આએ ગણતરીમાં મુશ્કિલી જણાયાથી મહીનાની તારીખો નકકી કરવાની સહેલાઇ માટે, અમુક રીતો ઉપસ્થિત કરવામાં આવી તેની બે રીતો અહીં લખવામાં આવે છે.

છતાં એ યાદ રાખવું કે એ રીતથી નકી કરેલી તારીખો ફકત (અંદાજ) આસરા ઉપર હોય છે, અને તે ચાંદ જોઇ નકકી કરેલી તારીખથી એક અથવા બે દીવસનો ફેર રહયા કરે છે.

(એ) (આએ પહેલી રીતમાં) સાધારણ વરસમાં એક મહીનો ૩૦ દીવસોનો, બીજો મહીનો ૨૯ દીવસોનો, અને વરસના ૩૫૪ દીવસો ગણવામાં આવે છે જે વરસમાં ૩૫૫ દીવસો ગણવામાં આવે છે, તે વરસના છેલ્લાં મહીનાના ૩૦ દીવસો ગણવામાં આવે છે.

ઘણા થોડા લોકો આએ કલેન્ડરની ગણત્રીનો ઉપયોગ કરે છે. તેથી તેઓની તારીખોમાં બીજા મોટા ભાગના મુસલમાનોની તારીખથી એક અથવા બે દીવસનો ફરક રહયા કરે છે. (જે મીસરી તારીખ પ્રત્યે ઇશારો છે: લેખક)

(બી) આ બીજી રીતની ગણત્રી આ પુસ્તક(૧૦૦ વરસોના પચાંગ) માં લીધેલ છે, જે ખરા હીસાબને લગભગ હોય છે. અને એ ચાંદ જોવાની પ્રથાનો હીસાબ પણ ખરા હીસાબની નજીક

(મજાનો હીસાબ) હોય છે (જે ઈસલામી તારીખ ચાંદ જોઇ ખાત્રી કરવા પ્રત્યે ઇશારો છે)

અચિત મીસરી તારીખ શમ્સી અથવા કમરી તારીખ નથી, સાવ ખાનગ હીસાબ છે જે મીસરી ખુલફાના સમયના ઈબ્ને યુનુસ, નજુમીએ બનાવેલ છે, જેનો વધુ ખુલાસો નીચે મુજબ છે.

ચાંદની ચાલ મુજબ બાર મહીનાના ૩૫૪ દીવસ ૮ કલાક ૪૮ મીનીટમાં દુન્યાનો ચક્કર પુરો થાય છે, અને તે કમરી વરસની ખરી મુદત છે, વળી એક મહીનાના ૨૯ દીવસો ૧૨ કલાકો ૪૪ મીનીટના હીસાબે પહેલા મહીનના ૨૯ દીવસો ૧૨ કલાકો ૪૪ મીનીટમાં અર્ધો દીવસનો વધારો હોવાથી પેહલો મહીનો ૩૦ દીવસનો ગણે છે.

દાખલો ૨૯ દીવસો ૧૨ કલાકો ૪૪ મીનીટ
૨ મહીનાના-

---

૫૯ દીવસો ૧ કલાક ૨૮ મીનીટ થાયે
૩૦ દીવસો પહેલા મહીના બાદ

બાકી ૨૯ દીવસો ૧ કલાક ૨૮ મીનીટ રહે છે તેથી તે બીજા મહીનાના ૨૯ દીવસો ગણે છે, એજ હીસાબથી પહેલા મહીનાના ૩૦ બીજા મહીના ૨૯ દીવસો ત્રીજા મહીનાના ૩૦ દીવસો ચોથા મહીનાના ૨૯ દીવસો એ મુજબ હીસાબ કરી કમરી વરસના ૩૫૪ દીવસો ગણે છે પહેલા વરસનો વધારો અર્ધ દીવસથી ઓછું ૮ કલાક, ૪૮ મીનીટ રહે છે તેથી બીજે વરસે બે વરસનો વધારો ૧૭

કલાકો અને ૩૬ મીનીટ થાય છે, અર્ધ દીવસથી વધુ હોવાના કારણે બીજે વરસ ૩૫૫ દીવસોનો અને છેલો મહીનો ૩૦ દીવસનો ગણે છે. તે હીસાબની રીતે નીચે મુજબ છે.

પેહલા વરસના	૩૫૪	દીવસો	૮	કલાકો	૪૮	મીનીટ
પેહલા વરસના બાદ	૩૫૪	—				
બાકી	—	—	૮	—	૪૮	—
બીજા વરસના	૩૫૪	—	૮	—	૪૮	—
ટોટલ	૩૫૪	—	૧૭	—	૩૬	—
ત્રીજા વરસના	૩૫૪		૮	—	૪૮	—
ટોટલ	૭૦૯	—	૨	—	૨૪	—
બીજા વરસના બાદ	૩૫૫	—				
બાકી	૩૫૪	—	૨	—	૨૪	—
ત્રીજા વરસના બાદ	૩૫૪	—	—	—	—	—
બાકી	---		૨	—	૨૪	—
ચોથા વરસના	૩૫૪		૮	—	૪૮	—
ટોટલ	૩૫૪		૧૧	—	૧૨	—
ચોથા વરસના બાદ	૩૫૪					
બાકી	--		૧૧	—	૧૨	—
પાંચમા વરસના	૩૫૪		૮	—	૪૮	—
ટોટલ	૩૫૪		૨૦	—	૪૮	—
છઠા વરસના	૩૫૪		૮	—	૪૮	

ટોટલ	૭૦૯ દીવસો	૪	કલાકો	૪૮	મીનીટ
...મા વરસના	૩૫૫ બાદ				
બાકી	૩૫૪	૪	—	૪૮	—
...મા વરસના	૩૫૪ બાદ				
બાકી	—	૪	—	૪૮	—

ઉપર દરશાવેલા હીસાબથી એક મહીનો ૩૦ દીવસનો ૨૯ દીવસનો અને ૨૯ બે વરસે છેલ્લો મહીનો ૩૦ દીવસનો, તેમજ એક વરસ ૩૫૪ બીજા વરસના ૩૫૫ કરી ૩૦ વરસે સુર્યના અને ચાંદના દીવસનો મેળ પુરો કરે છે તેથી ૩૦ વરસોના ૧૦૬૩૧ દીવસો પુરા થાય છે તેમાં કલાક મીનીટનો વધારો ઘટાડો રહેતો નથી. એ ૩૦ વરસોને 'કરન' કહે છે, અને જે વરસ ૩૫૪ દીવસોનો હોય તેને 'બસીતા' અને ૩૫૫ દીવસોના વરસને 'કબીસા' કહે છે. જેથી એક 'કરન' (૩૦ વરસો)માં ૨૧ વરસો કબીસા (૩૫૫ દીવસોના) અને ૧૯ વરસો 'બસીતા' (૩૫૪ દીવસોના, હોય છે.)

ઉપલા હિસાબથી કબીસા(૩૫૫ દીવસોના) બીજું પાંચમું સાતમુ, દસમું, તેરમું, સોલમુ, અઢારમુ, ચોવીસમું, છવીસ અમુને ઓગણત્રીસમું, વરસ હોય છે. અને એ, કબીસા વરસના ૩૫૫ દીવસો પુરા કરવા માટે તે વરસના ઝીલહજ (છેલા) મહીનાના ૨૯ના બદલે એક દીવસોનો ઉમેરો કરી ૩૦ દીવસો પુરા કરે છે. અને એ હીસાબ (મીસરી તારીખ) ને "વસત" [વચટ] કમરી હીસાબ કહે છે (જે

1957-03-04 -Ruyate Hilal (765)

નઇધર કે ન ઉધરકે હીસાબ થયો) કેમકે શમગ્રી કમરીના નજુમીના હીસાબ મુજબ અથવા ચાંદ થવાના હીસાબથી અલગ હીસાબ હોય છે જે મીસરી હીસાબથી મશહુર [ઓળખાય] છે.

(મિફતાહુ રરશાદ મોલવી મસીહુદ્દીનખાન કૃત – કલકત્તા છાપ પેજ ૩૦–૩૨)

મીસરી કેલેન્ડર સાબીત કરનારા અમુક હદીસો પેશ કરે છે. જે લગભગ નહી માનવા લાયક હોય છે કેમકે તેના વિરૂધમાં ઘણા હદીસો, અકલી દલીલો, હોય છે, એટલુંજ નહી પણ તે થોડી અને નહી માનવા લાયક હદીસોની રીવાયત કરનારામાં ઝઇફ કાઝીબ અને એહલેબયતના ઇમામોના દુશમનો હોય છે. તેમજ નહી બનવા જોગ હોય છે.

એક હદીસમાં છે કે રજબથી ૫૯ દીવસ ગણીને ૬૦મે દીવસે રોઝા રાખો [એટલે રજબના ૩૦ શાબાનના ૨૯ ગણીને) તે હદીસ ઝઇફ, મુરસલા હોવા ઉપરાંત મુશાહીદાતથી ખીલાફ છે કેમકે તેથી ઉલટું જોવામાં આવે છે કે, કોઇ વખતે રજબ અને શાબાનના દરેકના ૩૦ દીવસો અથવા ૨૯ દીવસો થાય છે અને ચાંદ દેખાય છે.

બીજી એક હદીસ છે કે ૧૦ ઝીલહજ [ઇદુઝોહા-બકરી ઇદ) જે દીવસે થાય તેજ દીવસે ૧લી માહે મુબારક થ ય છે, ઇદ જો રવીવારના થાય તો ૧લો રોઝો રવીવારના થાય તેમાં પણ ખરાબીઓ છે-પ્રથમ તે હદીસ મુરસલહ છે અને તે હીસાબે ઝીલહજથી માહે મુબારક સુધી દરેક મહીનાના ૨૯ દીવસો ગણવામાં આવે તોજ એકજ દીવસ થઇ શકે.

(૫) "નસીમે સહર"

દાઉદી વહોરા કોમનું આગેવાન માસિકના લખાણનો જવાબ

ઉપરોક્ત માસિકના પુસ્તક ૩૮ના શવાલ, ૧૩૭૫થી મુહર્રમ ૧૩૭૬ સુધીના ચાર અંકોમાં "શું આંખોથી હિલાલ જોવા જરૂરી છે" ના મથાળા હેઠળ, નવા મહીનાનો ચાંદ જોઈ અમલ કરવું બિન જરૂરીયાત, અને તે સાથે મીસરી તારીખના કેલેંડર મુજબ (ચાંદ જોઈ ખાત્રી કર્યા વગર) મહીનો શરૂ કરવા માટે ઈસ્લામીઓને પડકાર કરેલ છે.

ખચિત દરેક કોમને પોતાની માન્યતા મુજબ અમલ કરવાની છુટ હોય છે પરંતુ, જ્યારે બીજા ફરકાના અમલ રદ બાતલ હોવાની ટીકા કરવાની વ્યર્થ જાહેર માસીકમાં કોશીશ કરવામાં આવે તો તેનો ઘટીત જવાબ સબુરતાથી આપવો જરૂરી અને માત્ર અમારી શીઆ ઈસ્નાઅશરી કોમ તેમજ સમસ્ત ઈસ્લામીઓને ખરી હકીકત સમજાવવાની અમારી દીની ફરજ સમજીએ છીયે.

સદરહુ લખાણ 'નસીમે સહરના' ચાર અંકોમાં લંબાણથી કુંદ્દાડા મારતી ચાલતી ટ્રેનમાં એક ગુમનામ સુન્ની મોલવી સાથે વીસ (૨૦) વર્ષો પુર્વે લેખક, મિયાં જનાબે શયખ હુસનઅલી સાહેબ સારંગપુર વાળાની થયલી ગુફ્તગુનો સાર લખવામાં આવેલ છે. સદરહુ ગુમનામ સુન્ની મોલવી સાહેબના સવાલ, જવાબ, અને છેવટે તેમની થયલી

અને મોસરી તારીખની ખુબીનો સ્વિકાર જોવાથી ખાત્રી થાય છે કે. એક સાધારણ સમજ ધરાવતાર મુસલમાનની તે શફતગુ ન હોઇ શકે. ખચિત વીસ વરસો પુર્વે લેખકની થયલી મ્હાન બારે ફતેહનું વર્ણન અને સુન્ની મોલવીનો સ્વિકાર, એજ સમયે સમસ્ત મુસલીમ પ્રજા સમક્ષ-તેની સહી સીક્કા સાથેનો ઇકરાર શા માટે પેશ કરવામાં નહી આવ્યું જે થકી સઘળા મુસલમાનો એકજ મીસરી કેલેન્ડર મુજબ રોઝા અને ઇદ વીગેરે જરૂરી અઆમાલ કોઇ પણ મતભેદ વગર ચાંદ જોવા આકાશ ભણી મીટમાં ડવાની કટાકુટથી છુટકારો પામતે પણ એવો તેમનો દાવો કેવળ કલ્પિત હોય.

હવે તે લખાણમાંથી અમુક જરુરી ફકરા જનાબે શયખ અને અમારો જવાબ- જવાબ'ના નામથી ટાંકી તેનો જવાબ લખીયે છીયે

જનાબે **શયખ** જ્યારે હીસાબથી બીલકુલ યકીન રીતે જણાઇ આવે કે (ચાંદ થઇ ગયા છે ત્યારે આંખે હીલાલ વાનો કોઇ અર્થ રેહતો નથી શવાલ અંક પેજ પની પહેલી કલમની ૯મી લીટીથી)

જવાબએકઇ જાતનો હીસાબ છે તે હીસાબ કોણે કર્યો ચાંદ થઇ ગયા વીશે બિલકુલ યકીન કેમ થાય. અને તે હિસાબ વિશે,કુરઆનની આયતો, પયગંબર સ૦ અને ઇમામોની હદીસોમાં ફરમાવ્યું છે. તેનો ખુલાસો નથી. ફકત મોસરી તારીખથીજ પુરી ખાત્રી અને યકીન કેમ થઇ શકે?

જનાબે શયખ આપ સાહેબ ચાંદની બાબતમાં વિરૂધ પક્ષની કીતાબોમાંથી પુરાવા રજુ કરતે, કે જે પક્ષ હિસાબથી તારીખ નક્કી કરે છે. અને તે ઉપર તે મણુ અમલ છે (શવાલ અંક પેજ પ,ની પેહલી કોલમની લીટી ૨૦થી)

જવાબ બેશક આપે ખરૂં ફરમાવ્યું, પરંતુ વિરૂધ પક્ષ(આપની કીતાબો કેમ મેળવી શકાય-નહીં તો અચિત તેમાંથી જવાબ આપી શકાય. આપ સાહેબ સ.મા પક્ષની કીતાબોની હદીસો માન્ય રાખતા નથી છતાં આપ સાહેબ મીસરી તારીખ-અને ચાંદ જોવા જરૂરી નથી નીમાન્યતા પરાણે ફેંસલાબીયો ઉપર ઠોકી બેસાડવાની, અને ચાંદ જોઇનેજ અમલ કરનારા સમસ્ત મુસલેમાનો ઉપર શા માટે ટીકા કરો છો જ્યારે કે તેઓ ખુદા અને રસુલના ફરમાનુસાર અમલ કરી રહયા છે.

શયખ સાહેબ. સાંભળો, બુખારી અને મીશકાત જેવી કીતાબોમાં, એક એવી હદીસ છે કે "ફાઇઝ ગુમ્મ અલયકુમ ફકદહેરૂલહુ" જ્યારે વાદળાના લીધે હીલાલ નઝર નહી આવી શકે તો હીસાબથી તારીખ નક્કી કરી લો (શવાલ અંક પેજ ૫, બીજી કોલમની છેલ્લી લીટીઓ.)

જવાબ વાદળા હોવાથી ચાંદ નહી દેખાય તો હીસાબથી તારીખ ચોકકસ કરવાનો અર્થ અનેક હદીસો મુજબ એ છે કે મહીનાના ૩૦ દીવસ પુરા કરો તેથી વધુ નહી. તે હીસાબ ને અને મીસરી તારીખને કશો સબંધ ન હોઇ શકે, કેમકે મીસરી તારીખ સંબંધી કોઇ હદીસમાં જણાવવામાં આવ્યુજ નથી.

વળી જ્યારે "વાદળાના લીધે ચાંદ નહીં દેખાય" એ વાકયથી સાબીત થાય છે કે વાદળા ન હોય તો ચાંદ જોઇનેજ અમલ કરો, વાદળા હોય તો ૩૦ દીવસો પુરા કરો. પણુ તેથી વાદળા હોય કે નહી હંમેશા હીસાબ કરવાનું કયાં લખ્યું છે.

જનાબે શયખ. એ લોકો હીસાબની રીતે હીલાલ જોએ છે, અને તે જોવુ રૂઅયતે અકલીય્યહ, બુધ્ધિ પુર્વક છે. રૂઅયતે હયસીય્યહ કરતાં રૂઅયતે અકલીય્યહ બેહતર કહેવાય, તેમાં વાદળા ધુળના વટોળની અડચણ પણ આવતી નથી, હરેક સ્થિતીમાં રૂઅયતે અકલીય્યહથી જોઈ શકાય છે. (શવવાલ અંક પેજ ૬ લીટી ૮થી)

જવાબ. આંખોથી ચાંદ જોવાના હુકમ વિશે કુરઆન અને હદીસો તેમજ અકલી દલીલો વિસ્તારીને આજ પુસ્તિકામાં અન્ય સ્થળે લખી પુરવાર કરયું છે હવે શું હિસાબ અને રૂઅયતે અકલીય્ય-સઘળુ બીસરી તારીખમાં આવી જાય છે. રૂઅયતે હયસીય્યહથી (આંખો વડે જોવું) એ રૂઅયતે અકલીય્યહ (અટકળ. ખગોળ શાસ્ત્ર વગેરે) બહેતર કેમ કહી શકાય? એ, કોની અને કોની અકલ? જયારે ખરી અકલ-અને ખરો હીસાબ માત્ર ખુદા અને તેના રસુલના ફરમાનુંસાર હોય છે.

જનાબે શયખ. આપને એમ લાગતુ નથી, ખગોળ શાસ્ત્ર મુજબ હીસાબ કરીને ચાંદની તારીખ નક્કી કરી દેવાય? અને તેમ કરવાથી બધા મત ભેદોનો અંત આવી જાય તમામ મુસલમાનોમાં એકતા સ્થાપાઈ જાય નક્કી કરેલી તારીખે રોઝા થાય અને ત્રીસ પુરા થતાં ઈદ થાય. (શવાલ અંક પેજ ૭ની પહેલી કોલમની પહેલી લીટીથી)

જવાબ શુ એ ખગોળ શાસ્ત્રથી આપણા પયગંબર અને સુન્નીઓ

અજાણ હતા? શા માટે મુસલમાનોની એ કાઇ માટે–એ ખગોળ શાસ્ત્રથી મીસરી તારીખ મુજબ મુસલમાનોને ૩૦ રોઝા અને ઇદ કાયદ.નો બલકે મીસરી કેલેન્ડરનું શિક્ષણ ન આપ્યું અને ચાંદ જોવું કાબજા તરફ ઉભા રહી હાથો ઉંચા કરી ચાંદ જોઇને દુઆ પડવાની તેમજ અમુક પવિત્ર વસ્તુઓ જોવાનો હુકમ આપયો.

શરીઅતે ઇસલામમાં એ ખગોળ શાસ્ત્ર નજુમીઓના હીસાબ અને ખબર ઉપર આધાર રાખવાની મનાઇ છે, હ૦ રસુલે ખુદા સ૦ની હદીસ છે "અનિન્નબીય્યી મન સદ્દક, કાહિનન અવમુનજ્જીમન, ફકુવા કાફીરૂન બિમા ઉન્ઝીલ અલા (મુહમ્મદ સ.) (તરજુમો) જે કોઇ કાહીન અને નજુમીની વાત માન્ય રાખશે તો ખચિત તે હ૦ રસુલ સ૦ ઉપર ઉતારવામાં આવેલી (શરીઅતના અહકામ) બાબતોથી ફરી ગયલો કાફર ગણાશે.

ખચિત માહે શાબાનની ૨૯ તારીખે ચાંદ દેખાતો ન હોય, છતાં માત્ર નજુમી ખગોળ શાસ્ત્રીઓએ જન્તરી–પંચાગમાં અગાઉથી નક્કી કરેલ તારીખ મુજબ માહે મુબારકની નીય્યતથી રોઝો રાખે, અથવા માહે મુબારકનો છેલ્લો દીવસ હોવા છતાં (ચાંદ સાબીત નહી થવાથી) રોઝો નહી રાખે અને માત્ર હીસાબોના આધારે ઇદ કરે તો તે ગુનેહગાર, ગણાશે. માહે મુબારકમાં રોઝા નહી રાખનાર મુસલમાન માટે શરીઅત મુજબ વાજીબુલ કતલની હદમાં આવે છે. આવા મહા ભારે અમલ વિશે માત્ર અટકળ અને નજુમીની વાતો ઉપર આધાર રાખી નહી શકાય.

જનાબે શયખ આવા ઘર બેઠા સગવડ હોવા છતાં આપ (હ. રસુલ સ૦) શા માટે ચાંદ જોવાને આકાશ ભણી મીટ માંડી? (ઝીલકાદ અ ૯ પેજ ૨ની ૮મી લીટીથી)

જવાબ, હા. હુ૦ રસુલ સ૦ પરવરદીગારના ફરમાનુસાર, અને પોતાની ઉમ્મતના શિક્ષણ માટે સદા ચાંદ જોવા આકાશ ભણી મીટ માંડતા રહ્યા અને કીબલા તરફ ફરી હાથો ઉંચા કરી દુઆ પડતા હતા હ. રસુલ પોતાના ઈલમથી જાણતા હતા કે ચાંદ થયો કે નહી છતા આકાશ ભણી મીટ માંડી ચાંદની ખોજમાં અને તે જોઈ દુઆ પડવાનો ભારે સવાબ મેળવતા હતા. તે સાથે ઉમ્મતને તેનું શિક્ષણ આપતા રહ્યા, જે તેમની સુન્નત કીયામત સુધી બાકી રહેશે જે હદીસેથી સાબીત છે (એ હદીસો અન્ય સ્થળે લખેલ છે.)

આમ મુસલમાનોને ચાંદ થશે કે નહીં તેનું ઈલમ અથવા ખાત્રી ન હોય, તેમજ હુ૦ રસુલથી દુર હોય, અને તે પછીના સમયના મુસલમાનો સુન્નતે રસુલ ઉપર અમલ કરી ખુદાના ફરમાનુસાર ચાંદની ખાત્રી કરવા શા માટે આકાશ ભણી મીટ નહીં માંડે? અને ફક્ત ખગોળ શાસ્ત્ર અથવા મીસરી કેલેન્ડરના પહુમી હીસાબ ઉપર અમલ કરતા રહે.

જનાબે શયખ. આપ કહો છો કે નબી સાહેબ સ૦ એ હિલાલ જોવાનો હુકમ ફરમાવ્યો હોય, તો તેનો સાફ મતલબ એજ હોઈ શકે કે હિલાલ જોઈને તેના તુલુઅની ખાત્રી કરી લેવાય કે રમઝાન શરીફની શરૂઆત થઈ કે નહી અથવા તેના ખતમની ઘડી આવી કે નહી. એ

સિવાય ચાંદ જોવાનો બીજો કોઇ હેતુ હોઇ શકતો નથી. તો પછી બીજા અનેક રૂડા રસ્તે ચાંદ થયાની ખાત્રી થઇ જતી હોય તો પછી શા માટે તે રસ્તો કબુલ નહી કરવો- જગ જાહેર વાત છે કે ખગોળ શાસ્ત્રની રૂએ, એટલે હીસાબની રૂએ ચાંદ થવાની પુરતી ખાત્રી આસાનીથી થઇ જાય છે. (હીલકાદ અંક પેજ ૨ બીજા કોલમની શરૂઆતથી)

જવાબ. જગ જાહેર વાત એ છે. અને મુસલમાનોની માન્યતા છે કે-ખગોળ શાસ્ત્ર નજુમીના હીસાબો મોટે ભાગે ખોટા હોય છે, અને તે ઉપર યકીન ખાત્રી નહી થઇ શકે. બલકે હ૦ રસુલ સ૦ની હદીસો મુજબ કાહેનો, નજુમીઓની વાત માન્ય રાખનારને કાફર એ ઇમાન જણાવેલ છે.

આપે ખરૂં કહયું કે હીલાલ જોવાનો મતલબ તેના તુલુઅની અને ખતમની ઘડીની ખાત્રી કરવા માટે છે. અને શરીઅતે ઇસલામમાં ચાંદ જોઇ ખાત્રી કરીનેજ અમલ કરવાનો હુકમ છે-અને એજ ચાંદ જોવાનો હેતુ છે. ખાત્રી કરવા માટે જ્યારે હીલાલ જોવાનો હુકમ શરીઅતનો હોય તો બીજા વહેમી રૂડા રસ્તાની મુસલમાનોને શી જરૂરત પડી. અને એ રૂડા રસ્તા, હીસાબથી સઘળા મુસલમાનો ક્યાંથી જાણી શકે જે માત્ર વેહમી શિવાય કશું ન હોય તેથી સાદો સેહલો રૂડો ખરો અને શક્ય, બલકે ઈસ્લામી શરીઅતનો રસ્તો ખાત્રી કરવા માટે માત્ર એકજ હીલાલ જોવાનો છે, જે ૧૪૦૦ વરસો થયા સઘળા મુસલમાનોનો અમલ રહયો છે.

જનાબે શયખ. આ સવાલના જવાબમાં નબી સાહેબ સ૦મે તે ગામડીયાને એક સીધો સાદો જવાબ દીધો. કેમકે તેઓ હીસાબ વીગેરૂથી વાકેફ નહોતા. આપે ફરમાવ્યું " સુમુલી રૂઅયતિહી, વઅફતેરૂ લીરૂઅયતેહી" (ચાંદ જોઇને રોઝા રાખો. અને ચાંદ જોઇને ઇફ્તાર કરો) ધ્યાનમાં રાખો કે આ જવાબ મુજમીલ છે. (ઝીલકાદ અંક પેજ ૨ અને પેજ ૩ની શરૂઆતમાં)

જવાબ. એ મુજમીલ જવાબની તફસીલ નબી સાહેબે કોઇને કહી સંભળાવી હોય તો તે લખવું જરૂરી હતું. શું હીસાબ નહી જાણે અને જાહેલ ગામડીયાને એવો જવાબ (જો તે ખોટો હોય તો તે આપી આપી શકે?

વળી ચાંદ જોઇ રોઝો રાખો અને ચાંદ જોઇ ઇફતાર કરો'ની નબી સાહેબની હદીસ માન્ય રાખો છો, તેથી ચાંદ જોવાનું હ૦ રસુલ સ૦નો હુકમ સાબિત થાય છે તે સાથે મીસરી તારીખ મુજબ માહે મુબારકના ૩૦ દીવસ, (કેમકે ૨૯ દીવસ રોઝા રાખી ચાંદ જોઇ ઈદ કરે તો તેને બાતલ સમજો છો) વળી ખાત્રી પુર્વક ચાંદ થયા અગાઉ એક અથવા બે દીવસ ઇદ કરી બીજાઓને તે મુજબ વર્તવાની નસીહત કરો છો એ સઘળાનો મેળ કેમ થઇ શકે. બેઉ રીત ખરી નહી હોઇ શકે શું હ૦ રસુલે સ૦ મે એવી હદીસ કહી છે કે ખગોળ શાસ્ત્રનો હીસાબ કરી ચાંદ થયેલો સમજો !

અફસોસ, ચાંદ જોવાની કડાકુટથી વધુ સ્હેલી રીતે મીસરી તારીખ મુજબ એક મહીનો ૩૦ બીજો ૨૯, શાબાન ૨૯ માહે મુબારકના ૩૦ દીવસનો સહેલો સાદો હીસાબ હુઝુર રસુલ સ૦ એ તે ગામડીયાઓને કેમ નહીં જણાવ્યું? એ ૨૯-૩૦નો સાદો હીસાબ ગમે તેવો જંગલી ગમાર સ્હેલાઈથી યાદ રાખી શકે. જેથી સઘળા મુસલમાનોમાં એકતા અને રોઝા ઈદના ખરા અમલનું શિક્ષણ ફેલાઈ જતે. તેથી ઉલટું તે ગામડીયાને ચાંદ જોવાનો તમારા કહેવા મુજબ ખોટો હુકમ શા માટે આપ્યો. જો ખરો હુકમ હોય તો - તમારા લાંબા લખાણનો હેતુ શું હોઈ શકે.

જનાબે શયખ : જુઓ નમાઝના અવકાત સુરજની ચાલ-બીજ તેના અદા કઝાનું બંધારણ નક્કી થએલું છે; **અને તમામ મુસલમાનો તેની અદાઈમાં સુરજને જોતા નથી પણ ઘડીયાલ જોએ છે.** કેમકે ઘડીયાલો હીસાબના આધારે નક્કી થએલા છે. તો પછી મીસરી કેલેન્ડરો, જે ચાંદના હીસાબથી નક્કી થયલા છે, તે જોઈને રોઝા કેમ ન થાય? અને ઈદ કેમ ન થાય. જો રોઝાના હીસાબ જાયઝ ન હોય તો નમાઝમાં પણ ન હોય. ચાંદ જોઈને રોઝા રાખવા કે છોડવાના હોય તો સુરજ જોઈને પાંચે નમાઝ કેમ નહીં. ઝીલહજ ૧૩૭૫ અંક પેજ ૨૫ પહેલી કલમની લીટી ૧૪થી)

જવાબ. રોઝા ચાંદ જોઈનેજ થઈ શકે એજ મુજબ નમાઝ સુરજ જોઈને પડવાનો હુકમ છે. અફઝલીઅયત હિસાબ અથવા

અણગમો રાખો છો તેથી હવે સુરજથી રીસાઇ ગયા. ચાંદ જોવાને બદલે રૂઅયતે અકલી અને સુરજના ઠેકાણે ઘડીયાલને શરફ બખશ્યો છે.

યાદ રાખવું જોઇએ કે નમાઝ માટે સુરજ જોવું જરૂરી છે. ઝવાલ મગરીબ અને સુબ્હે સાદીક થવાની ખબર ઘડીયાલ નહી જણાવી શકે. ગરમીની મોસમમાં દીવસો લાંબા ૧૩ થી ૧૫ કલાકોના હોય છે તે વખતે ફજર ઝવાલ અને મગરીબનો વખત ઘડીયાલ જોવાથી કેમ જાણી શકાશે. એજ મુજબ ઠંડાની મોસમમાં રાતો લાંબી, દીવસો ટુંકા હોય છે—બીચારૂં ટકટક કરતું મારૂં ઘડીયાલ મને નમાઝના અવકાત નહી કહી શકશે - અલબત નમાઝ માટે સુબ્હે સાદીક-ઝવાલ મગરીબના અવકાત માત્ર સુરજ જોઇને હરકોઇ શહર અથવા ગામડામાં જંગલ અથવા દરયામાં ઘડીયાલ હોય કે ન હોય - આકાશ ભણી મીટ માંડી સુરજ જોઇને સહેલાઇથી જાણી શકશે.

આપની આએ ઘડીયાલ જોવાની દલીલથી નવો ચાંદ હીલાલ જોવાની જરૂરીયાતને મજબુત ટેકો મલે છે તેથી અમે આપના ભારે એહસાનમંદ થયા છીએ જેવી રીતે નમાઝના ખરા અવકાત નક્કી કરવા માટે ઘડીયાળ નકામુ છે એજ મુજબ મીસરી તારીખ ખગોળ શાસ્ત્ર થકી નવો ચાંદ મહીનાની છેલ્લી અથવા પહેલી તારીખ યકીનથી જાણી લેવા અર્થ વગરનું બીન જરૂરી બલકે શરીઅતના હુકમ હ૦ રસુલની હદીસો થી ખીલાફ છે- બેશક ઇસલામી શરીઅતનો હુકમ ચાંદ અને સુરજ જોઇનેજ રોઝા અને નમાઝ ઇદના અવકાત ખાત્રી કરી બજાવી લાવ
વાનો હુકમ છે જે જગ જાહેર છે

જનાબે શયખ ખુદા તઆલાનું ફરમાન "ફમન્ શહિદ મિન્કુમુ શશહ્‌ર ફલ્યસુમ્હુ" જ્યારે તમે એ મહીનો પામો તો રોઝુ રાખો) એવું કયા કહેલું છે કે જ્યારે ચાંદ દેખો તો રોઝો રાખો (ઝીલહજ અંક પેજ ૨૫ બીજી કોલમની ૧૯મી લીટીથી)

જવાબ ચાંદ જોવા પ્રત્યે કેટલો અણગમો રાખો છો, કે ઉપલી આયતના અર્થ નહી સમજી શકયા એટલુંજ નહી પણ ચાર અંકોના લગભગ ૧૫ પેજોના લાંબા લખાણમાં "યસ્અલુનક અનિલ અહિલ્લહ કુલહિયા મવાકીતુ લિન્નાસ વલ હજ" (સુરા બકરહ આયત ૧૮૯) (તરજુમો) હે રસુલ, તમોને હિલાલ નવા ચાંદ માટે પુછે છે, કહો કે તે (હીલાલ) લોકો માટે ઇબાદતના વખત અને હજ (નો દીવસ)દેખાડવા માટે છે, તે તો સદંતર ભુલાવી આપયું, કેમકે આએ આયતથી હિલાલ જોવાની જરૂરીયાત સાબીત થાય છે. જે આયત હિલાલના બારામાં મજબુત સાબીત હોવાના કારણે આપ સાહેબે નહી લખ્યું. તેમજ આપને જવાબ આપનાર અને છેવટમાં "વાહ! ખુબ આપની દલાલે થી ખુબ સમજી લીધુ હિસાબથી તારીખ નકકી કરી લેવું બેહતર છે' કહી મીસરી તારીખનો હાર ગળામાં પેહરનાર ગુમનામ સુન્ની મોલવી સાહેબને પણ તે ભારે મજબુત દલીલ હીલાલની આયત યાદ નહી આવી.

આપની જણાવેલી "મન શહિદ મીન્કુમુ શહર"ની આયતના અર્થ શહર- મહીના વીશે તફસીરો હદીસોમાં ચોકખુ લખેલું છે કે

એક ચાંદથી બીજા ચાંદ સુધીના દીવસોને શહર (મહીનો) કહે છે. પછી તેના ૨૯ કે ૩૦ દીવસો હોય. માતમ્મ શઅબાન - વલા નકસ રમઝાનની હદીસ લખી મુહરરમ ૧૩૭૬ના અંકના પેજ ૧૪માં ઘણી લાંબી ટીકા લખી છે તેનો જવાબ આએ પુસ્તિકામાં અન્ય સ્થળે વિસ્તારીને લખેલ છે. થોડીવાર માટે માની લઈએ કે મહે મુબારકના ૩૦ દીવસો નિર્મીણ થયા છે (જો કે તેની વિરૂધ્ધમાં ઘણી હદીસો દલીલો અન્ય સ્થળે લખેલ છે.) છતાં તેથી (૧) મીસરી તારીખ મુજબ એક મહીનો ૩૦ બીજા ૨૯ દીવસનો (૨) નવો ચાંદ જોવાની જરૂરત નથી (૩) નવો ચાંદ જોઇ મહીનો શરૂ નહી થ શકે (૪) અકલી રૂઅયત કારી છે (૫) સુરજ જોવાની જરૂરત નથી ઘડીયાલ નમાઝના અવકાત માટે બસ છે. એ પાંચે બાબતો કુરઆન હદીસો અને ઉલમાના કોલથી સાબીત થાય છે કે નહી તેની ખાત્રી કરી આપવા આપ સાહેબ માટે લાઝીમ અને ઝરૂરી છે.

ઉપર મુજબ "નસીમે સહર" માસીકના ૪ અંકોના અમુક લખાણનો ટુંકસાર અને તેના જવાબો ટુંકમાં લખેલ છે જેથી અમારી કોમના દીન બંધુઓને ખાત્રી થશે કે મીસરી તારીખ ખંગોળ વિધ્યા અકલી રૂઅયત અને ઘડીયાલ વીગેરે વહમી અર્થ વગરના કહી શકાય જે વિશે શરીઅતમાં કશુંએ નથી.

(૬) માતમ્મ શાઅબાન વલા નકસ રમઝાન

ઉપર જણાવેલ હદીસ, કે શાઅબાન મહિના કોઈ વખતે પુરા ૩૦ દિવસના થયાં નથી તેમજ માહે રમઝાનના દિવસો ઘટયાં નથી. એ સિવાય એવી બીજી હદીસો છે જેમાં હ૦ રસુલ સ૦ માહે રમઝાનમાં હમેશા ૩૦ દિવસો પુરા રોઝા રાખતા હતા. કોઈ કાળે ૨૯ દિવસના રોઝા રાખ્યા ન હતા. એવી હદીસો ઉપર "નસીમે સહર"ના લેખક જનાબે શયખ સાહેબે ખુબ ભાર આપી ઘણી ટીકાઓ કરી છે

પ્રથમ એ હદીસો ખરી નથી તે અન્ય સ્થળે સાબીત કરી આપ્યું છે. છતાં તે થકી મીસરી તારીખના નિર્માણ થએલા હિસાબ મુજબ ૩૦-૨૯ના સીલસીલાની તારીખો અને બીજા મહિનાએ. ઝીલહજ, મુહર્રમ વીગેરે માટે ચાંદ જોવાની જરૂરત નથી એવુ કશુંએ સાબીત થાતું નથી.

વળી જ્યારે માહે મુબારકના પુરા ૩૦ દિવસો અને શાઅબાનનં ૨૯ દિવસોની અમુક થોડી તે પણ ગલત હદીસોથી વિશેષ ઘણી, સહીહ હદીસોમાં ચાંદ જોવાનો હુકમ અને મસઅલા છે જે કુરઆનની આયતો થી પણ સાબીત થાય છે. એટલુંજ નહિ પણ ૧૩૦૦ વરસોથી આજ પર્યંત સઘળાં ઇમામો, ખુલફા, ઉલમા અને (મીસરી કેલેંડર ઉપર અમલ કરનારા સિવાયના) સઘળાં ફીરકા બલકે મીસર વીગેરેના સમસ્ત

મુસલમાનો ચાંદ જોઈને અમલ કરે છે. અને તે ઉપર જણાવેલી હદીસો મુજબ અમલ કરતા નથી જેથી ખાત્રી થાય છે કે તે હદીસોને ઝઈફ અને નહિ માનવા લાયક સમજે છે.

એવા પ્રકારની ચાર હદીસો છે જેમાં માહે રમઝાન ૩૦ પુરા રોઝા વિષે જણાવવામાં આવ્યું જે ચારે હદીસોની સનદ ઝઈફ છે. અને તે હદીસોનું બયાન ખરી મુતવાતીર સર્વ માન્ય હદીસોથી બિલકુલ વિરૂધ્ધમાં છે તેમાંથી એક હદીસ જે લંબાણથી છે, તેની ઈબારત અર્થ વગરની અને તેની સનદના રાવીયોમાંથી "સહલ બીન ઝીયાદ" છે જેને સઘળાં ઉલમાએ ઝઈફ કહ્યું છે. એ સિવાય બીજી ત્રણ હદીસોના રાવીયોમાં "મુહમદ બીન સીનાન્" છે જેને પણ ઘણાં ઉલમાએ ઝઈફ કહ્યુ છે. એકજ દાખલો આએ રીસાલા માટે બસ થશે. લંબાણની બીકથી દરેક હદીસોના બારામાં લખી શકતા નથી.

છઠા ઈમામ અ૦થી એક હદીસ અબુ બસીરથી નકલ કરે છે જેમાં કુરઆનની આયત, "વલિતુકમિલુલ ઈદ્દત" ની તફસીરમાં ફરમાવ્યું કે માહે મુબારકના ૩૦ દિવસ પુરા જણાવ્યુ છે તેની સનદમાં તેનો એક રાવી "અલી ઈબ્ને હમઝા બતાઈની" વાકીફી મઝહબનો છે જેના ઉપર આઠમા હ૦ અલી ઈબ્ને મુસારિઝા અ૦ એ લઅનત કરી છે, અને તે અલી ઈબ્ને હમઝા ઈમામનો પકો દુશમન અને વિરોધી હતો.

વાદળાના લીધે અથવા તેવા બીજા કારણે ચાંદ નહિ દેખાય તેથી એક મુલકમાં રોઝા અને બીજા મુલકમાં ઈદ હોય, તે ખોટૂ

નહિંજ કહી શકાય જ્યારે કે પરવરદીગારનો હુકમ અને પયગંબરની હદીસો ચાંદ જોઇ ખાત્રી કર્યા પછી રોઝા તથા ઇદ કરવાનો હુકમ હોય, તે સાથે મીસરી તારીખ વીગેરે નજુમીના હિસાબ ઉપર આધાર રાખી અમલ કરવાની સખત મનાઇની હદીસો હોવાથી જો ચાંદ જોય, તે રોઝા રાખે અથવા ઇદ કરે અને નહિ જોય અથવા શરીઅ-ની શરતો મુજબ સાબીત નહિ થાય, તો તેની ફરજ નહોવાથી રોઝા નહિ રાખે તેમજ ઇદ નહિ કરે, તો તે ખુદા તરફથી ઠપકા અને સમજાને પાત્ર નહિ થઇ શકે. દરેક મુલકના મુસલમાનોની જુદીજુદી તકલીફ અને ફરજ હોય છે, જેવી રીતે સુર્ય ગ્રહણ અથવા ચંદ્રગ્રહણ હિંદુસ્તાનમાં દેખાય તે વખતે આફ્રિકામાં સૂર્ય અને ચાંદ દેખાતો હોય, છતાં ગ્રહણ ન હોય તો નમાઝે આયાત વાજીબ થતી નથી.

ચાંદની તારીખોમાં ફેરફાર થાય છે, તે સવાલને એક કોરે મુકી શમ્સી તારીખો જેનો અટલ હિસાબ હોય છે તે તરફ નજર કરશું તો જણાશે કે આખી દુન્યા ઉપર એકજ તારીખ હોતી નથી અને નહિંજ હોઇ શકે, કેમકે સુર્ય ચોવીસ કલાકમાં એક દિવસ પુરો કરે છે. તે કયા મુલકથી શરૂ અને કયે ઠેકાણે દિવસ ખતમ થાય છે, તે સ્થળ નક્કી નહિ કરવામાં આવે, તો તારીખ નક્કી નહિં થઇ શકે. તેથી ભુગોળ અને ખગોળ શાસ્ત્રના જાણનારાઓને તારીખ (દિવસ) નક્કી કરવા માટે એક સ્થળ નક્કી કરવું પડયું અને તે સ્થળ ગ્રીનવીચ)Greenwich) થી ૧૮૦ ડીગ્રી ઉપર નક્કી થયું, જેને "ઇન્ટર નેશનલ ડેઇટ લાઇન

(Inter National Date Line)" કહે છે. સ્ટીમરના કપતાનો જ્યારે તે લાઇન આગળ મશરીકથી મગરીબ (પુર્વથી પશ્ચિમ) તરફ પહોંચી આગળ વધે છે, તો તે વખતે એક તારીખ આગળ વધારી મુકે છે. દાખલા તરીકે તે લાઇન આગળ પહોંચ્યાથી અગાઉ ૩૧મી ડિસેમ્બર હોય, તો તે લાઇન આગળ પહોંચી પશ્ચિમ તરફ આગળ વધીને ૧લી જાનેવારી કરી મુકે છે. એવીજ રીતે જો મગરીબથી મશરીક (પશ્ચિમથી પુર્વ તરફ) સુર્યની ચાલથી ઉલટું વધતાં તે લાઇન પસાર કર્યા કેડે એક તારીખ પાછળ હઠાવે છે. જેમકે મગરીબ (પશ્ચિમ) તરફથી આવતી વેળા ૧૫મી જુન હોય, તો તે લાઇન આગળ પહોંચ્યા કેડે મશરીક (પુર્વ) તરફ આગળ વધીને એક તારીખ પાછળ એટલે ૧૫મીના બદલે ૧૪મી જુન કરે છે.

(એન સાઇકલો પીડીયા બ્રિટાનીકા વોલ્યુમ ૧૨ પેજ ૫૧૬ B.)

અસબગ બીન નબતાએ કહ્યું છે કે હ૦ અમીરૂલમુઅમીનીન અ૦મે૦ ફરમાવ્યું, એક એવો જમાનો આવશે કે જ્યારે લોકો છડે ચોક ગુનાહો કરશે અને હરામની પરવા નહિં કરશે, અને બદફેલી, ઝીના વધી જશે, યતીમોનો માલ હલાલ સમજશે, વ્યાજ લેવાને નહિં અચકશે તોલ માપમાં કમી કરી ઓછું તોલ આપશે, શરાબ હલાલ સમજશે, લાંચ રૂશ્વત ભેટ સમજીને લેશે, અમાનતમાં ખીયાનત કરશે, મર્દ ઓરતોની શબાહત કરશે અને ઓરતો મર્દોનો લિબાસ પહેરશે, નમાઝ હલકી સમજશે, લોકોને દેખાડવા માટે અથવા દુન્યાના લાભના ઇરાદાથી હજ કરવા જશે, એવા જમાનામાં ચાંદ તેના વખત ઉપર જોવામાં નહિં

આવશે, અને બીજે ત્રીજે દિવસે દેખાશે. જેથી માહે મુબ રકે રમઝાનના રોઝા અને ઇદ તેના વખત ઉપર નહિં થાશે. એવા વખતમાં ખુદાના ગઝબ અને સજાથી ડરતા રહો તે ઝમાનામાં મોત અચાનક, સવારના સહિસલામત તંદુરસ્ત હશે અને સાંજના તે પોતાની કબરમાં દફન થએલો હશે. તેમજ રાતના તે જીવતો અને સવારના મરણ પામેલો હશે.

એવા સમયમાં લાઝીમ છે કે દરેક પોતાની વસીય્યત લખી રાખે અને નમાઝ વીગેરે અમલો તેના વખત ઉપર બજાવી લાવે ઢીલ નહિં કરે એવું નહિં થાય કે તે ઓચીંતો મરણ પામે અને તેની નમાઝ વખત ઉપર નહીં પડયો હોય. તેમજ રાતના તહારત વઝુ કરીને સુઇ જાય, કેમકે કયારે ખુદાના તરફથી તેને તેડી જવાને મલેકુલમઉત હાજર થશે, તેની ખબર કોઇને નહિં હશે. યાદ રાખો હું તમોને ચેતવણી અને નસીહત કરી ચુકયો. ઝાહેર અને છુપી રીતે ખુદાથી ડરતા રહો. ઇસ્લામ અને ઇમાનની હાલતમાં તમારૂં મરણ નીપજે તેનો ખ્યાલ રાખો. જે કોઇ ઇસલામ મઝહબ સિવાય કોઇ બીજા મઝહબને ઇખ્તીયાર કરશે, તો ખચિત કિયામતના દિવસે તે નુકસાન ઉઠાવનાર હશે.

અંતમાં કુરઆનની આયાત "યસઅલુનક અનિલ અહિલ્લહ. કુલ હિય મવાકીતુ લિન્નસીવલહજ" (સુરએ બકરહ આયાત ૧૮૯)અર્થ તમોને નવા ચાંદના બારામાં પુછે છે (કે તે શા માટે છે) કહો લોકોના વખત અને હજના દિવસો જણાવવા માટે છે, તેની તફસીરમાં છે કે 'યઅલમુન ખિહા. અવકાતિ, ઝરઇહીમ, વમુતાજીરીહીમ વઇદદનિસાઇ-

હીમ વસીયામિહીમ વઈફતારીહીમ' (અર્થ) તે નવા ચાંદ થકી ખેતી. વેપાર, ઓરતોની ઈદ્દત, રોઝા અને ઈફતારનું વખત જાણી શકાય છે.

અચિત એ સઘળું મિસરી કેલેંન્ડરની ચાંદથી એક બે દિવસ અગાઉની તારીખો અથવા હિસાબથી જાણી અથવા ખાત્રી નહિં કરી શકાય વળી છઠા ઈમામ અ૦ની અમુક ગલત હદીસો જેમા માહે મુબારકના સદા ૩૦ પુરા દીવસો હોય છે અને હીસાબથી અમલ કરવા વિશે ફરમાવેલું જણાવવામાં આવ્યું છે એ હદીસો તે ઝમાનાના દીનના દુશમનો એ મુસલમાનોને ગુમરાહ કરવાના મલીન હેતુથી ઘડી કાઢી છે તેના બારામાં ફકત એક પુરાવો બસ થશે-

કીતાબ બહારૂલઅનવારની ૧૪મી જીલ્દ પેજ ૧૭૯માં જનાબ મુલ્લા મહમદ બાકર મજલીસી લખે છે કે બની અબ્બાસીના ખલીફા મનસુરના સમયના કુફાના ગવરનર (હાકીમ) મહમદ બીન સુલેમાને જ્યારે એક ઝીન્દીક (બેદીન) અબદુલકરીમ બીન અબીલ અવજાને કતલ કરવાનો હુકમ કર્યો, ત્યારે તેણે ગવરનરને કહયું કે મેં ચાર હજાર ખોટી હદીસો બનાવી તેનો ફેલાવો કર્યો છે, જેમાં હરામને હલાલ અનેહલાલને હરામ કરી ચુકયો અને તમોને ઈફતારના દીવસે રોઝા રખાવ્યા તેમજ રોઝાના દીવસે ઇફતાર (ઈદ) કરી આપી.

ઉપરોકત હકીકતથી ખાત્રી થાશે કે માહે મુબારકના ૩૦ દીવસો અને શાબાનના ૨૯ દીવસો હોવાની "માતમ્મ શાબાન વલા નકસ

રમઝાન" વીગેરે હદીસો મજકુર બીન્દીક અને તેના જેવા બીજા મુનાફીક બેદીનોની ઘડી કાઢેલી હોય છે. મનસુર ખલીફા છઠ્ઠા ઇમામ જઅફરે સાદીક અ૦ના ઝમાનામાં હતો અને ઇમામની હયાતીમાં એવી હદીસો ઘડી કાઢવામાં આવી હતી.

વળી એજ બુઝરગવાર છઠ્ઠા ઇમામની સહી હદીસ છે જે ઇબ્રાહીમ બીન ઉસમાનની સહીહ સનદથી બયાન કરે છે કે ઇમામ અ૦એ ફરમાવ્યુ "ઇન્ન શહર રમઝાન ફરીઝતુન મિન ફરાઇઝીલ્લાહ, ફલા તુઅદ્દહુ બિત્તઝન્ની" (અર્થ) યાદ રાખો માહે મુબારક રમઝાન પરવરદીગારના વાજીબ કરેલા ફરીઝા (અમલ)માંથી એક અમલ છે. તેથી માત્ર ગુમાન અટકલથી તે અમલ (રોઝા) નહી કરો.

ખચિત મદરાસમાં ચાંદ દેખાય તે દીવસે પેશાવરમાં નહી દેખાશે આખી દુન્યામાં મીસરી કેલેન્ડરના હીસાબથી એકજ દીવસે રોઝા અને ઇદ નહી થઈ શકે એ ચોકકસ છે.

પાંચમા ઇમામ અ૦ની સહીહ હદીસ છે "ફઇઝા અખફ્રશશહર, ફઅતીમ્મુલ ઇદ્દત શઅબાન વસુમુલ વાહીદ વસલાસીન" જો ચાંદ નહી દેખાય તો શઅબાનના પુરા ૩૦ દીવસ કરી એકત્રીસમે દીવસે રોઝા રાખો.

ખચિત માતમ્મ શઅબાન અને તેના જેવી બીજી હદીસો દીનના દુશ્મનોએ ઘડી કાઢેલી ખોટી હદીસો છે. જે શીઆ અને વોહરો સુ[illegible]
[illegible] આપણે પુસ્તિકામાં અન્ય સ્થળે વિસ્તારીને લખ્યું છે

(૭) ચાંદની ખાત્રી કરીને અમલ કરવું ફરજીયાત છે.

માત્ર અટકળ અથવા ખગોળ શાસ્ત્ર નજુમીના ઢંગધળા વગરના ખોટા પડતા હિસાબોથી ચાંદ ગણી મહિનો શરૂ નહિ થઇ શકે. ચાંદ થવાની ખાત્રી કરવી જરૂરી છે, જે કુરૂએ દીનમાં હોવાથી-જે મુજતહેદની તકલીદ થતી હોય; તેના ફતવા અને મસાએલ મુજબ ચાંદની ખાત્રી કરવી વાજીબ છે. અને તે શરતે નીચે મુજબ છે:-

૧ પોતે ચાંદ જોએ જેથી તેને પુર્ણ ખાત્રી થાય.

૨ ઘણાં લોકોનું, મુસ્લિમ ગયરે મુસ્લિમનું જોવું જેથી પુર્ણ ખાત્રી થાય.

૩ સંપુર્ણ શોહરત જેથી લેશમાત્ર શંકા બાકી નહિ રહે.

૪ મહિનાના ૩૦ દિવસો પુરા થયા હોય, વાદળાના કારણે ચાંદ નહિ દેખાય, તો પણ ૩૦ દિવસો પુરા થવાથી મહિનો ખતમ થએલો ગણાશે.

૫ શરઈ સાબિતીથી એટલે બે આદીલો કહે કે અમોએ પોતે ચાંદ જોયું છે, તો તે ઉપર અમલ કરી રોઝા અથવા ઈદ થઇ શકે છે.

૬ ઓરતની ગવાહી, તેમજ એક આદીલની ગવાહીથી ચાંદ સાબીત નહિ થાય.

૭ બે આદીલો પોતે ચાંદ જોયું ન હોય, ફકત બીજી કોઇ રીતથી જાણી શકયા હોય, તેઓની ગવાહી કબુલ નહિ થઇ શકે.

૮ બાહેર ગામથી જો તે નજીક અને એક ઉફુકમાં હોય, ખાત્રી થાય, તો અમલ થઇ શકશે-

કુરઆનની આયતો અસંખ્ય હદીસોમાં ચાંદની ખાત્રી કરવા વિષે પુર્ણ ખુલાસો કરવામાં આવ્યો છે, જે અન્ય સ્થળે લખ્યું છે. તંદુપરાંત હ૦ ઇમામે ઝયનુલ આબીદીન અ૦ (ચોથા ઇમામને) મીસરી કેલેંડર ઉપર અમલ કરનારા અમારા વ્હોરા ભાઇઓ પણ ઇમામ માને છે, તેમની દુઆની કિતાબ, "સહીફએ કામીલા" અમારા વ્હોરા બિરાદરો પાસે હોય છે, અને તે દુઆની કિતાબ તેઓ માન્ય રાખે છે.

મજકુર કિતાબમાં ચોથા ઇમામ અ૦ ચંદ્રની જરૂરીયાત અને તે થકી મહિનો શરૂ થાય છે, એ સ્પષ્ટ જણાવ્યું છે. તે થકી સિધ્ધ થાય છે કે ચોથા ઇમામ અ૦ ચંદ્ર જોઇને મહિનો શરૂ કરતા હતા, નહિં કે હિસાબથી.

એ દુઆના મથાળામાં લખાયલું છે "જબ આપ હિલાલ તરફ નઝર ફરમાતેથે–યેહ દુઆ પડતેથે." જો ચંદ્ર જોવાની જરૂરત નહતે, તો ઇમામ શા માટે ચાંદ જોતા હતા, અને ચાંદ જોઇ દુઆ પડતાં હતા, એટલુંજ નહી તેમની એ દુઆમાં ચંદ્રની જરૂરીયાત, અને ખુદાની, તે મહામોટી નીશાની હોવા વિશે ફરમાવ્યુ છે કે "તેરે ઝરીઆ, તારીકીયોંકો રોશન, ઓર અંધેરેસે ઉજાલા કીયા ઓર તુજે અપની સંલતનતકી નીશાનીયોં મેંસે, એક નીશાની, ઓર અપને ગલબા ઓર ઇકતિદારકી અલામતોંસે એક અલામત બનાયા."

તે પછી એજ દુઆમાં નીચે મુજબ જણાવે છે "કયસી બારીક પેદાહ સન્નાઇ. જો તેરે બાબમે સર્ફ ફરમાઇ" તે પછી ફરમાવે છે વજઅલક મિફતાહ શહરિન હાદિસિન લિઅમ્રિન હાદિસિન (અર્થ) તુજે હર નઇ હોનેવાલી બાતકે લિયે ન એ મહીનેકી કુંજી (ચાવી) કરાર દીયા.

બચિત ચોથા ઇમામ અ૦ના આએ દુઆના ફકરા, કુરઆનની આયત "ફમન શહિદા મિનકુ મુશ્શહર (તમારામાંથી જે મહીનો જોય) જેના અર્થ, "નસીમે સહર"ના ચાંદ સબંધી લખાણના લેખકે કર્યો કે, મહીનો જોવાનો અર્થ હીસાબ કરવાનો થાય છે. તેને રદ કરે છે, કેમકે ઇમામ અ૦ હીસાબ દેખાડતા નથી બલ્કે હિલાલ પેહલી તારીખનો નવો ચાંદ નવા મહીનાની કુંચી તરીકે દેખાડે છે. જેથી હિલાલ નવો ચાંદ મહીનો શરૂ કરવા માટે કુંચી છે.

તે પછી એજ દુઆમાં નવા ચાંદને સંબોધી ઘણી દુઆઓ માંગી છે કે ખુદા તને અમારા માટે, મુબારક ચાંદ બનાવે, અમનો અમાન, નેઅમત, એહસાન અને રહમતનું કારણ બનાવે.

જો ચંદ્ર જોવું જરૂરી અને લાભ દાયક ન હોય તેમજ નવા મહીનાની ખાત્રી કરવા માટે નહોત, તો ઇમામ અ૦ની આએ ચાંદ સંબંધી દુઆ (નઉઝુબિલ્લાહ) ફોકટ અર્થ વગરની ઠરે છે, જ્યારે કે એવું ન હોઇ શકે, હઝરત પોતે ચાંદ જોઇ દુઆ પડતા હતા, અને ચાંદ જોઇનેજ મહીનો શરૂ કરવાની જરૂરીયાત સાબીત ફરમાવેલ છે.

1957-03-04 -Ruyate Hilal (765)

અલી ઇબ્ને મહઝયાર, હસન બીન ફઝલથી, જે કસમ બીન ઉરવાથી જે અબીલ અબ્બાસથી રિવાયત કરે છે કે છઠ્ઠા, ઇમામ હ૦ સાદીક અ૦મે ફરમાવ્યું, રોઝા ચાંદ જોઇને, તેમજ ઇદ ચાંદ જોઇને થાય છે. એક માણસ અથવા બે અથવા પચાસ જોય તેથી ચાંદ દેખાણો નાહી કહી શકાય, (એટલે ચાંદ દેખાય તો સઘળા જોનારા જોઈ શકે.)

હિલાલ નવા ચાંદને એટલા માટે કહે છે કે, તે નવા ચાંદને જોઇને લોકો ખુશીનો આવાજ તકબીર અને તહલીલ પુકારી ચાંદ તરફ ઇશારો કરે છે. બાળક પોતાની માંના પેટથી પુકાર કરતું બાહેર નીકળે છે. તેને અરબીમાં "ઇસ્તહલ્લ સ્સબિય્યુ" કહે છે. જે લોકો મહીના તથા વરસ માટે માત્ર હીસાબ ગણતરીની જરૂરત સમજે છે, તે શિવાય ચાંદ જેવાની જરૂરતમાં માનતા નથી તેઓ હિલાલ (નવા ચાંદ) શહર (મહીના)ના અરબી શબ્દના ખરા અર્થને બાતલ કરવાની વ્યર્થ કોશીશ કરે છે.

ચાંદ જોઈ ખાત્રી કરવા માટે (૧) કુરઆન (૨) અરબી લુગત્ત શબ્દ કોશ ડીકશનેરી (૩) દરાયત એટલે ઇસલામના ૧૩૦૦ વરસોથી પ્રચલિત અને મશહુર થયલા (ચાંદ જોવાના) અમલ ઉમદા સાબિતી છે (૪) પયગંબરની હદીસો અને સુન્નતથી સાબીત થાય છે. હ૦ રસુલ સ૦ પોતે ચાંદ જોવા માટે જતા હતા અને ચાંદ જોઇ પોતાના મુબારક હાથો ઉંચા કરી દુઆ પડતા હતા નસીબે સહરના લોબકના ઘર બેહા સગવળની દરકાર કરતા નહતા) (૫) ચાંદ સાબીત થવા માટેની શરતો, જે હ૦ રસુલ સ૦ અને ઇમામો ફરમાવી ગયા. એ સઘળું જો ચાંદ જોવાની જરૂરત નહોય તો એ

શરતો અર્થ વગરની નકામી ઠરે છે. એ ઉપર જણાવેલી પાંચે બાબતોથી ચાંદ, જોવાની જરૂરીયાત સાબીત થાય છે

ચાંદ જોવા સંબંધી શેખ તુસી અલયહિરરહમા એ પોતાની કીતાબમાં ૪૬ હદીસો લખી છે તેમાંથી ફક્ત બે હદીસો લખીએ છીયે.

(૧) મહમદ બીન મહમદ તે અહમદ બીન હુસન, બીન અબાનથી, તે અબદુલા બીન જબલહથી. તે મહમદ બીન મુસલીમથી અને તે પાંચમા અને છઠા ઇમામોથી રિવાયત કરે છે, કે હઝરતે ફરમાવ્યું, માહે મુબારક રમઝાનમાં **બીજા મહીના માફક વધારો ઘટાડો** થાય છે જ્યારે તમે ૨૯ દીવસો રોઝા રાખો, તે પછી આસમાન ઉપર વાદળા ઘેરાઈ જવાથી ચાંદ નહી દેખાય તો ૩૦ દીવસો પુરા કરો (આએ હદીસથી સ્પષ્ટ થાય છે કે વાદળા ન હોય, અને ૨૯ માહે મુબારકના ચાંદ દેખાય તો માહે મુબારકના રોઝા ખતમ થાય છે. નહી તો "૨૯ દીવસ રોઝા રાખો અને આસમાન ઉપર વાદળા ઘેરાઈ જવાથીચાંદ નહી દેખાય તો ૩૦ દીવસ પુરા કરો"ના ઇમામ અ૦ના શબ્દો અર્થ વગરના થાય) જ્યારે કે આએ સહીહ હદીસમાં ઇમામનું ફરમાન છે. જે બચિત તેમના વખતમાં મીસરી કેલેંડર જેવું કશું ન હતું એ પુરવાર થાય છે.

(૨) મહમદ ઇબને ઇસા રિવાયત કરે છે કે અબુ ઉમરે છઠા ઇમામ અ૦ને લખીને પુછાવ્યું, કોઇ વખત એવું બને છે કે માહે રમઝાનના ચાંદના બારમાં અમારા માટે મુશ્કીલી ઉભી થાય છે. આસમાન સાફ હોવા છતાં અમોને ચાંદ દેખાતું નથી, તેથી લોકો (૩૦ શઅબાનના)

આચપીચો છે. અને અમે પણ તેઓ સાથે ખાઇએ છીયે શકના દીન સે રોઝા ગણતા) જ્યારે કે હીસાબ જાણનારાનું એક ટોળું (નજુમીઓ) કહે છે કે મીસર આફ્રીકા અંદલસના લોકો ગઇ રાતના (એટલે ૨૯ શાબાનના મગરીબના વખતે) ચાંદ જોઇ શકયા છે. તેથી આપ ફરમાવો કે હિસાબ જાણનારા જે કહે છે તે ખરૂં છે, અને તે બનવા જોગ છે કે નહીં જો એવું થાતું હોય તો તેઓના રોઝા અમારા રોઝાથી અને તેઓની ઇદ અમારી ઇદથી સાવ ઉલટું થાશે.

તેના જવાબમાં ઇમામ અ૦મે લખી મોકલ્યુ કે **શકની હાલતમાં કદીપણ (૩૦ શાબાનના) રોઝા નહી રાખો ચાંદ જોઇને ઇફતાર કરો અને ચાંદ જોઇને રોઝા રાખો.** (હીસાબ અને મીસરી કેલેંડર જે છઠા ઇમામના વખતથી હોવાનો દાવો કરવામાં આવે છે. તે આએ હદીસથી સાવગલત સાબીત થાએ છે.)

એવી બીજી ઘણી હદીસો છે. વળી ઉપલી હદીસથી છઠા ઇમામ અ૦ ના ઝમાનામાં પણ ચાંદ જોવાના બારામાં મતભેદ થવાનુ સાબીત થાય છે–અને એક મુલકમાં રોઝા બીજા મુલકમાં ઇદ થાતો હતો આખી દુન્યા માટે એકજ મીસરી કેલેંડરના હિસાબ જેવું કશું ન હતું જો હિસાબથી ચાંદ અને મહીનો નક્કી કરવું શકય, સહાયક, અને ખુદાના ફરમાનુસાર હતે, તો ખચિત હઝરત રસુલે ખુદા સ૦ ગરમી ઠંડી વરસાદની મોસમમાં પણ પોતાની ઉમ્મતને ચાંદની ખોજમાં આકાશ ભણી મીટ માંડવાની તકલીફ, અને મત

જેહથી નજાત અપાવવાના બદલે ફરજીયાત ચાંદ જોઇ ખાત્રી કરવાનું ફરમાન નહી આપતે બલકે મીસરી કેલેન્ડર અને હીસાબના સહેલા કુડા રસતે ચાલવાનું શિક્ષણુ આપતે.

[૮] શીઆ ઇસ્નાઅશરી ઉરદુ માસીક "અલબુરહાન" માં એક વધુ ઝાપટ.

લુધીઆના, હિન્દુસ્તાનના ઉરદુ માસીકના ઈ. સન. ૧૯૪૪ના એપ્રીલ અંકમાં, જનાબ ફઝલેહુસેન, ગુલામે મુરતઝા, મુંબઇવાલાએ, "રૂઅયતે હિલાલ" નો લેખ પ્રગટ કરાવેલ તેમાં કોઇપણ આધાર દલીલ વગર પોતાના મનઘડત વિચારો દર્શાવ્યા, અને તે થકી મીસરી કેલેન્ડર, ખુદાના હુકમથી તેના રસુલ, અને છઠા ઇમામે સાદીક અ.ના સમયથી, હોવુ અને તે હિસાબ મુજબ રોઝા. ઈદ, હજ વીગેરના અઅમાલ સહીહ. ચાંદ જોવું બિન જરૂરીયાત વગેરે અટકલના પાટીયા ગોઠવવાની, અને ઇસ્લામી શરીઅતના અહકામ ઉપર ટીકા કરવાની ભારે હીંમત કરી છે. તેથી તે લખાણમાંથી અમુક ફકરા, એમનાજ શબ્દોમાં અને કાઉન્સમાં તેનો જવાબ લખેલ છે.

(૧) જનાબે અમીરૂલ મુઅમીનીનને એક બાઇચા તઇયાર કીયાથા જીસે ઉનકી અવલાદમેસે, એક ઇમામ મુસલીમીનકે સરતાજ,

મુવફ્ફાત: ઈમામ જાઅફરે સાદીક અ૦ને પરવરદીગાર કે હુકમકે મુતાબિક. ઓર અપને આકા વમવલા નબી કરીમ સ૦ કી હદીસે શરીફકે મુતાબિક. ઓર અપને જદ્દે બુઝુરગવાર, જનાબે અમીરૂલ મુઅમીનીન, અલી અલયહિસ્સલામ કે આઈયા કે મુતાબિક અમલ કરને પર તયાર હુવે

(શું મિસરી કેલેન્ડર ખુદાનો હુકમ, આસમાની વહી-કુરઆનના ફરમાનુસાર છે.? શું હ૦ રસુલ સ૦ ની હદીસ અને છઠા ઈમામ સુધીના ઈમામોના સમયમાં તે ઉપર અમલ થતું હતું ? વળી મીસરી કેલેન્ડર નામ કેમ પડયું? શા માટે ઈસલામી, મક્કી મદની, નબવી, ઈમામી કેલેન્ડર નામ નહી પડયું. જ્યારે કે મીસરી કેલેન્ડરની શરૂઆત લગભગ ૩૯૦ હીજરીથી મીસરમાં-યુનુસની કોશીશથી થઈ જેણે બની ફાતેમાહના ખલીફાના સમયમા સરકારી દફતરોના હીસાબ માટે ચાંદના મહીના અને સુર્યના હિસાબના વરસનો સરખો મેળ કરવા માટે હીસાબ કરી લખી આપયું જેને વસત હિસાબ (વચટ હિસાબ) કહે છે. શુ હ૦ રસુલ સ૦થી છઠા ઈમામના ઝમાનાના મુસલમાનો મીસરી કેલેન્ડર મુજબ એક મહીનો ૩૦ બીજો ૨૯, અને કબીસાનો એક દીવસ ના વધારા મુજબ અમલ કરતા હતા!

શું હઝરત અલી અ૦ અમીરૂલ મુઅમીનીનનો મજકુર આઈયા મીસરી કેલેન્ડર મુજબ છે, વળી હ૦ સાદીક અ૦થી અગાઉ થઈ ગએલ ય.ઃ ઈમામો મીસરી કેલેન્ડર નો હીસાબ સમજાવવા [illegible]

નહી થયા, છેવટે હ૦ સાદીક અ૦ ને તય્યાર થવું પડયું. તેથી સાબીત થાય છે કે મીસરી કેલેન્ડર જેવું કશું ન હતું, અને છઠ્ઠા ઇમામ અ૦ નું તય્યાર થવું વીગેરે ઇસ્લામી શરીઅત ઉપર એક કમજોર હુમલો હતો જે માત્ર ગબળાવી ગબળાવી મનમાં આવ્યું તે કોઈ આધાર વિના લખ્યું છે.

(૨) "સઉ વકત ચાંદ આસમાન પર બાદલોકી વજહસે અકસર અપન વકત પર દીખાઈ નહી દેતાથા" (વાહ! હ૦ રસુલના સમયથી હ૦ સાદીકના ઝમાના સુધીના લગભગ એકસો વરસ સુધી આસમાન પર ચાંદ થવા વખતે વાદળા રેહતા ન હતા જેથી ચાંદ સાફ દેખાતો હતો અને મીસરી કેલેન્ડરનો પતો પણ ન હતો છતાં-મીસરી કેલેન્ડર ખુદા અને તેના રસુલના ફરમાનુસાર હોવા વિશે લખવું કેટલું ખોટું અને બોહતાન કહી શકાય. જ્યારે કે મીસરી કેલેન્ડર લગભગ ચારસો વરસો પછી મીસરમાં શરૂ થયું.

(૩) ઇસલીએ આપને ચાંદ મહીનો તક, ચાંદ મહીનો કે દીનોકા બરાબર હિસાબ રખકર, ઓર હદીસે શરીફ ઓર અપને જદ્દે બુઝરગવાર કે ઇરશાદાકા પુરા ખ્યાલ રખકર, આપને ઉસવકત, હર એક ઇસલામી મહીનો કે દીન, બીલકુલ ચાંદકી ચાલકે મુતાબીક કરદીએ થે"

(વાહ. ઇસ્લામી શરીઅતના બારામાં, આવી અનધળત સવા ગલત ઇબારત કોઇ દીનદાર, શરીઅતના પાબંદ મુસલમાન લખવાની હિમ્મત નહી કરી શકે, તેથી મીસરી તારીખ સાબીત નહી પણ બાતલ ઠરે છે)

મહીનાઓ સુધી દીવસોનો હીસાબ ઘુંટનાર, એક અદના જાહીલ હોય છે જ્યારે કે ઇમામ અ૦ કને ખુદા તેના રસુલની બખશીશનું ઇલમે લદુન્ની હતુ, કીયામત સુધી જે બનાવ થશે, તે જાણતા હતા, છતાં તે ઇમામ માટે એક અસાધારણ નિશાળયા માફક મહીનાઓ સુધી હીસાબ રાખવાનો ખ્યાલ કરવો તે પણ ફક્ત મીસરી કેલેન્ડર સાબીત કરવા માટે લખવાની હિમત કરવી ખોટું અને ખેદજનક છે.

હ૦ સાદીક અ૦ એક સાધારણ ખગોળ શાસ્ત્ર – ઇલ્મે હયઅત જાણનારના ઇલ્મથી અજાણ્યુ હશે કેમકે એ ખગોળ શાસ્ત્રીઓ એવો સાધારણ હીસાબ અર્ધાકલાકના ટુંક સમયમાં કરી શકે છે.

વળી જો એ મીસરી કેલેન્ડર મુજબનો હીસાબ– ખુદાના ફરમાન અને હ૦ રસુલની હદીસ, અને આઇમ્મા મુજબ હોય તો હ૦ સાદીકને શામાટે મહીનાઓ સુધી બરાબર હીસાબ રાખવાની કડા કુટ કરવી પડી. જેથી ચોખ્ખુ સાબીત થાય છે કે. મીસરી કેલેન્ડર ખુદાના હુકમ અને હદીસો મુજબ ન હતું. એ માત્ર લેખકની

અનુમાનિત આંકડો શિવાય કશું ન હતું.

(૪) "જીસસે તમામ મુસલમાન ભાઇ હમેશા કે લીયે, ચાંદ દેખનેકી તકલીફ ઔર જધળેસે નજાત પાગયે"

(અફસોસ હ૦ રસુલ અ૦ અને પાંચ ઇમામો અને તેમના સમયના મુસલમાનો ચાંદ જોવાની તકલીફ જઘળા, અને કડાકુટમાં એકસો વરસો સુધી રહયા, છતાં કાંઇ નહી કરી શકયા છેવટે હ૦ સાદીક અ૦એ મીસરી કેલેન્ડરનો તોહફો મુસલમાન ભાઇઓ માટે, મહીનાઓની હીસાબ રાખવાની કડાકુટ કરીને પેશ કરીશકયા જે મીસરી કેલેન્ડર મીસરમાં ચારસો વરસો પછી જાહેર થયું. આએ ચાર નંબરની ઇબારતો, ઇસલામની કોઇ કીતાબ અથવા કોઇ સાચી એ.ટી હદીસમાં હોય તો તે હદીસ, અથવા ઇબારત ટાંકીને લખવું જોઇતું હતું-જે સઘળું લેખકે પોતાની મનઘળત બાબતો લખવાની હિમત કરી છે.)

સદ અફસોસ, હ૦ રસુલ સ૦ અને તેમના સમયના બિચારા મુસલમાનો તેમજ પાંચ ઇમામોના સમયના મુસલમાનો, ચાંદની ખોજમાં રહયા અને મીસરી કેલેન્ડરના ૩૦-૨૯ દીવસોના મહીનાના રૂડાં સહેલા હીસાબથી મહરૂમ રહયા.

(૫) "ઇસ મુકરર કી હુઇ તારીખ કો યહાં ફીલહાલ મીસરી કેલેન્ડર કેહતે હંય"

(મીસરી કેલેન્ડર કેમ થયુ ઇસલામી કેલેન્ડર શા માટે નહી? કદાચ મક્કા મદીના અરબસ્તાન ઇરાક'ના મુસલમાનો એ પવિત્ર મીસરી કેલેન્ડરના છઠા ઇમામના હીસાબને માન્ય નહી રખ્યું હોય અને છેવટે ૩૯૦ હીજરીમાં યુનુસ નજુમીએ મીસરમાં ચાલુ કર્યું હોય.)

અથવા ૯૦ સાહીક અ૦ મીતરમં પધાર્યા હશે અથવા મીસરી મુસલમાનોએ તોહફા તરીકે મોકલેલ હશે.

ખરી હકીકત એ છે કે જેવી રીતે હીંદુઓ કારતકથી વરસ શરૂ કરે છે અને દર ત્રણ વરસે એક અધિક માસનો ઉમેરો કરે છે તેમજ યુરોપમાં નસરાનીઓ જાનેવારીથી વરસ શરૂ કરી ૨૮-૨૯-૩૦-૩૧ સુધી મહીનાના દીવસો ગણી વર્ષ પુરો કરે છે. એશીઆ આફ્રીકાના મુસલમાનો જ્યાં નસરાની યુરોપીઅનનું રાજ્ય અમલ હોય છે ત્યાં સરકારી દફતરો મુજબ ટેક્સ વગેરેની સગવળ માટે જાનેવારીથી હીસાબના ચોપડા રાખે છે અથવા તેથી અગાઉ કારતકથી વરસ શરૂ કરતા હતા એજ મુજબ મીસર અને ઉત્તર આફ્રીકાના મુસલમાનોના મુલકોમાં સરકારી દફતરો જુના હીસાબ ઉપર સુર્યનો મેળ કરવા અને ટેક્સ વગેરે વસુલ કરવા માટે મીસરી કેલેન્ડર મુજબ દફતર રાખે છે. અને તે મુલકના મુસલમાનો માત્ર સરકારી દફતરો અને ટેક્સની સગવડ થાટે મીસરી કેલેન્ડર (જાનેવારી-કારતક માફક) મુજબ હીસાબના દફતર રાખે છે.

ખચિત દુન્યાના સઘળા મુસલમાનોનો (ઇસમાઇલી વહોરા ભાઇઓ શિવાયના) રોઝા ઈદ, હજ વીગેરે ઇસલામી અઅમાલ માટે ચાંદ જોઇ ખાત્રી કરીનેજ અમલ કરે છે. ચાંદ નહી દેખાય વાદળા હોય તો ઇસલામી શરીઅતના ફરમાનુસાર મહીનાનાં પુરા ૩૦ દીવસ ગણીને તે ઉપર અમલ કરે છે.

(૬) ફીલહાલ ઇસ દુન્યાકે મુસલમાનો મેસે આધી ઉમત યઅને કરીબન તીસ કરોડ કલેમએ તવહીદકે શયદા, મુસલમાન ભાઇ જો હાલ શામ, બયતુલ મુકદ્દસ, ઓર શિમાલી આફ્રીકાકે તમામ મુલક, જયસેકે મીસર, સુદાન, લીબયા, ત્રીપોલી, ટ્યુનીસ, અલજીરીયા મોરોક્કો, ફ્રેચ મુલકે સહારા વગયરા વગયરાકે બાશીન્દે તમામ મુસલમાન ભાઇ વહાં અપને અપને મુલકમે, **આજ એક હઝાર બરસસે ઉપર હોગએ** ઇન્હી ઇમામ જઅફરે સાદીક અ૦કી મુકર્રર કી હુઇ તારીખ ઓર મહીનો પર અમલ કરતે ચલે આતે હય ઓર ફીલહાલ ઇસી મીસરી તારીખ અમલ કરતે હય."

(સાવ અર્થ વગરનું ગલત જે મનમાં આવ્યું તે લખ્યું છે. હ૦ સાદીક અ૦ને ૧૩૦૦ વરસો લગભગ થયા જ્યારેકે ૧૦૦૦ વરસોથી મીસરી કેલેન્ડર ઉપર અમલ થાય છે. તેથી હ૦ સાદીકના સમયથી મીસરી કેલેન્ડરનું હોવું કલ્પીત ગલત ઠરે છે. વળી શામ બેતુલ મુકદ્દસ અને ઉતર આફ્રીકાના ૩૦ કરોડ મુસલમાનો મીસરી કેલેન્ડર ઉપર અમલ કરે છે એ સાવ કલ્પિત અને ગલત છે. પ્રથમ ઉત્તર આફ્રીકામાં ૩૦ કરોડ મુસલમાનો નથી. દુન્યાના ૬૦-૭૦ કરોડ મુસલમાનોનો પાંચમો ભાગ ઉત્તર આફ્રીકામાં હશે જ્યારે બાકીના ૮૦ ટકા એશીયા ચીન યુરોપ અમેરીકા આફ્રીકામાં વસે છે. વળી એ સઘળા મુસલમાનો શરૂઆતથી આજ પર્યંત રોઝા ઇદ હજ વી. ઇસલામ શરીઅતના અઅમાલ માટે ચાંદ જોઇનેજ અમલ કરે છે માત્ર ઇસમાઇલી વહોરા ભાઇઓ ચાંદથી એક બેદીવસ અગાઉ મહીનો શરૂ કરી મીસરી કેલેંડર મુજબ અમલ કરે છે.

(૯) આશુરાના દીવસે ખાકે શીફાની તસબીહ લોહીના રંગનું લાલ થવાનો મોઅજીઝો

ચાંદ જોઇ મહીનો શરૂ કરવાનો શરીઅતે ઇસલામના હુકમની જરૂરીયાતની સચાઇ અને સાબીતી માટે સચોટ અને અટળ દલીલ આશુરાના દીવસે કરબલાની ખાકે શીફાની સફેદ તસબીહોનું લોહીના રંગે લાલ થવાનો મોઅજીઝો છે. વરસોથી હીંદુસ્તાનમા દર વરસે ફકત એકજ આશુરાના દીવસે જાહેર થાય છે જે જગ મશહુર બીના છે. તે મોઅજીઝો મુહરમની ઇસલામી ૧૦મી તારીખ આશુરાના દીવસેજ થાય છે. સઘળા શીઆ અને સુન્ની મુસલમાનોના ચાંદ મુજબ, મુહરમની ૧૦મી તારીખ આશુરાનો દીવસ હોય છે. ખચિત, અને બેશક તો મોઅજીઝા થવાનો દીવસ એટલે ઇસલામી મુહરમની ૧૦મી તારીખને દીવસ મીસરી કેલેન્ડર મુજબ ૧૦મી મુહરમ હોય તો મીસરી તારીખ ખરી અને તે હીસાબ મુજબ અમલ કરવું દરેક મોઅમીન મુસલમાન ઉપર ફરજ્યાત ગણાશે પરંતુ જો તે હઝરત ઇમામહુસયન અ૦ના મહા ભારે મોઅજીઝા થવાના દીવસે મીસરી તારીખની ૧૧મી અથવા ૧૨મી હોય તો તે મીસરી હીસાબની તારીખ ખરી અને અમલ કરવા લાયક નહીં કહી શકાય.

એ મોઅજીઝાના હીંદુસ્તાનના અમુક બનાવોનું ટુંક વર્ણન લખવામાં આવે છે.

(૧) તસ્બીહમે કીસં કુદરતેં એ અ'જરકા લ્હુ હય. શીઆહ ઉરદુ માસીક ૧૯૦૬ના માર્ચ અંકમા લખે છે. પટ્યાલા જીલ્લામાં આવેલા સામાના ગામનું મહોર'મ જુના કાળથી મશહુર છે ત્યાં ખાકે શીફાની અજાયબી પમાડનારી ૪ તસ્બીહો છે જે **આશુરાના દહાડે લોહીના ર'ગની થઇ જાય છે.**

ત્રણ તસબીહો તો શીયાંઓ પાસે છે, એક તસબીહ સુન્ની પાસે છે કેટલાક સુન્નત જમાતવાળાઓએ ધાર્યું કે આ તસ્બીહમાં બનાવટ છે જેથી આ મોહર'મમાં સુન્નત જમાતના મશહુર ગૃહસ્થો જેમાં નવાબ અહમદુદ્દીન ખાન સાહેબ અને નવાબ બરકતઅલી સાહેબ પટ્યાલાના એડવોકેટ હતાં. તેઓ તહકીક કરવા કેટલાક દહાડા અગાઉ સામાના આવ્યા અને તે તસ્બીહોને પેટીમાં પોતાની નજર સામે પેક કરી તાળું લગાડી અને તે ઉપર તકેદાર રાખી.

મહોર'મ ૧૦મી તારીખે એ તસ્બીહોને તેમણે પેટીમાંથી બાહેર કાઢી તો જોયું કે તસ્બીહોનો રંગ બદલાઇ ગયો હતો. બે પહોર પછી ત્રણ વાગે એવું માલુમ થતું હતું કે લોહીના ટીપાં પડશે શીયા સુન્ની વહાબીઓ ઇત્યાદી સર્વ હાજર રહેલાં માતમ કરવા લાગ્યા અને આસ-માન તરફ મોંહાં કરી માથું કુટતાં 'હાય હુસેન! હાય હુસેન!! હાય હુસેન!! ના પુકાર કરવા લાગ્યા.

(૨) ઇસ્નાઅશરી ઉર્દુ એઠવાડીક તા. ૧૫-૧૦-૧૯૧૨ના અંકમાં અલ્લામા કંતુરી લખે છે કે "હિંદુસ્તાનમાં મારી જાણ મુજબ

છપોસાત ઠેકાણે ખ કે શિફાની તસ્બીહો કે જે આશુરાના દહાડે લાલ લોહીના રંગની થઈ જાય છે. સય્યદ કાસમહુસેન વલદ સય્યદ અમીર હસન સાહેબ મને લખી જણાવે છે કે.

કેલાવડા કલાન જીલ્લા મુઝફ્ફર નગરમાં ખાકે શીફાની એક તસ્બીહ છે જે મોહર્રમની ૧૦મી તારીખે લોહીના રંગમા બદલી જાય છે અને ઈમામ હુસયન અ૦ની મઝલુમીય્યત અને ખુને નાહકને જાહેર કરી આપે છે જે કોઈને તે તસ્બીહ જોવાની ઈચ્છા હોય તો અમે તેને ઘણી ખુશી સાથે દેખાડીશું.

(૩) 'પયગામે અમલ' ના એડીટર મો. એસ. બી ફીરાઝ પુરી લખે છે કે પટયાલા સ્ટેટ, સામાના ગામમાં ત્રણ ખાનદાનના સાદાતો રહે છે એને ત્યાં ત્રણ તસ્બીહો ખાકે શીફાની છે જે દર વર્ષે આશુરાના દહાડે લોહીના રંગ જેવી થઈ જાય છે. આ વર્ષે સામાના ખાતે મજકુર તસ્બીહોની હું ઝીયારત કરવા ગયો ત્યાની અઝાદારી બહુ વખાણવા લાયક છે ત્યાં ખેજ્યુએો હ૦ ઈમામ હુસેન અ૦ની અઝાદારીમાં બહુજ ચુસ્ત છે. અંગ્રેજી કેળવાયલા મરસીયા પડતા, માતમ કરતા હતા. પ્રોફેસરો, મેજીસ્ટ્રેટો, તથા અલીગઢ કોલેજના વિદ્યાર્થીઓ તાઝીયાને પોતાના ખભે ઉપાડી ખરા બપોરે ઉઘાડા માથે અને ઉઘાડા પગે ચાલતા હતા

આશુરાના દહાડે તસ્બીહનો મોઅજીઝો થયો તે હું જોવા ગયો હતો એક તસ્બીહ સુન્ની ધર્મના સુફી અબ્દુલ હકીમ સાહેબ પાસે છે બીજી તસ્બીહ રિઝવી સાદાતો કને છે અને ત્રીજી તસ્બીહ બુખારી સાદાત પાસે છે

સુફી સાહેબની તસ્બીહનો અસલી રંગ ખરી છે. આશુરાના બપોરના બે વાગે સુફી સાહેબની તસ્બીહની ઝીયારત માટે ગયો ખુલ્લા મેદાનમા હજારો સ્ત્રી પુરૂષો એ તસ્બીહ જોવા આવ્યા હતા માલીઆર કોટલાના નવાબ સાહેબ અને બીજા અંગ્રેજી તાલીમ પામેલા ઘણાં ઘણા ગૃહસ્થો પણ આવ્યા હતા. ઉપરાંત હિંદુ તાલુકદારો અને શીખ સરદારોની પણ હાજરી હતી.

સુફી સાહેબે એક નાની પેટી ઉઘાડી તેમાંથી તસ્બીહ લોકોને દેખાડી તે સેજ રંગીન દેખાતી હતી. વધારે ખાત્રી કરવા તેમની પાસે ગયો અને તેમના મીમ્બર પાસે ઉભો રહયો તો મેં જોયું કે મીનીટે મીનીટે તે વધારે ને વધારે રાતી થતી જતી હતી. આશરે એક કલાક સુધી અમે જોતા રહયા. છેલ્લે તે એકદમ લાલ લોહી જેવી બની ગઇ એ જોઇને અમારો હાલ બદલાઇ ગયો સઉ કોઇ રડવા પીટવા લાગ્યા સુફી સાહેબ પણ માથુ કુટી રડવા લાગ્યા. લોકો અરસ પરસ આ ખુનનો દેખાવ જોઇ ચર્ચા કરવા લાગ્યા. એક શીખ સરદારને મેં કહેતાં સાંભળ્યું 'જુઓ! જુઓ! હુસેન મઝલુમ બે ગુનાહ મારી ગયા છે તેમનું લોહી તેરસો વર્ષથી બરાબર લોકોને દેખાવ આપે છે'

એ પછી હું રિઝવી સાદાતની તસ્બીહ જોવા ગયો એ તસ્બીહ એક ખાસ મકાનમાં રાખવામાં આવે છે અને માત્ર આશુરાના દહાડે જ તે ઉઘાડવામાં આવે છે. ત્યાં જોયું કે એક સય્યદ સાહેબ કાચનો શીશો હાથમાં લઇને ઉભા છે તેની અંદર એક તસ્બીહ લટકતી હતી

જેનો રંગ સાદો હતો થોડીવારમાં એ તસ્બીહના થોડા દાણા જોત જોતામાં ઘણા લાલ બની ગયા અને લોહીનો દેખાવ થયો મને તેથી એવી અસર થઈ કે મારા હોશ જતા રહયા અને હું બેભાન થઈને પડી ગયો. છેક સાંજના વખતે મને શુધ્ધી વળી જેના લીધે બુખારી સાહાતની તસ્બીહ જોઈ ન શકયો. (રાહેનજાત ફ્રી ૩૭ અંક ૮ હી. ૧૩૪૭) (ડીસેમ્બર સન, ૧૯૨૮)

બનારસના જવાદીયા અરબીક કોલેજના પ્રિન્સિપાલ જનાબ મોલવી સયદ અફ્રૂઝ હસન મુજતહિદ સાહેબે છેલા ૧૬ વરસોના ચાંદ જોઇ ખાત્રી કરેલા આશુરાના દીવસોનો કોઠો અમોને લખીને મોકલેલ જેમાંથી ૮ વર્ષની તારીખો નીચે લખવામાં આવે છે.

ચાંદ થયાની ઝીલહજની તારીખ	સન હીજરી.	આશુરા ૧૦ મુહરમ	અંગ્રેજી તારીખ	બીસરી તારીખ
૨૯	૧૩૬૯	બુધવાર	૨-૧૧-૪૯	મુહરમ ૧૨
૩૦	૧૩૭૦	સોમવાર	૨૩-૧૦-૫૦	,, ૧૨
૨૯	૧૩૭૧	શુક્રવાર	૧૨-૧૦-૫૧	,, ૧૨
૩૦	૧૩૭૨	બુધવાર	૧-૧૦-૫૨	,, ૧૨
૨૯	૧૩૭૩	રવીવાર	૨૦-૯-૫૩	,, ૧૨
૩૦	૧૩૭૪	ગુરૂવાર	૯-૯-૫૪	,, ૧૨
૨૯	૧૩૭૫	શોમવાર	૨૯-૮-૫૫	,, ૧૧
૩૦	૧૩૭૬	શનીવાર	૧૮-૮-૫૬	,, ૧૨

નોટ ૧. જંગબારમાં તા. ૫-૧૨-૪૬ ગુરૂવાર તા. ૧૦મી મુહરમ ૧૩૬૩ હીજરી આશુરાનો દીવસ થયો, જે દીવસે જંગબારમાં ખોજા શીયા ઈસ્નાઅશરી ઇમામવાડા અગાખાના, મેહફીલ ઇત્યાદી, અઝાદારીના મકાનોમાં મોઅજીઝા થયાં તદુપરાંત હિંદુસ્તાનમાં એજ દીવસે આશુરાનો દીવસ હતો, અને ત્યાં તસબીહ લાલ થવાના મોઅજીઝા પણ તેજ દીવસે જાહેર થયાં અને તે મીસરી તારીખ મુજબ ૧૨ મુહરમ હતી.

નોટ ૨. ચાલુ સાલ ૧૯૫૭ના હિંદુસ્તાનના કેલેંડર મુજબ તા. ૨૯-૭-૫૭ સોમવાર તા. ૧લી તારીખ મુહરમ અને ૧૩૭૭ હીજરી અને મીસરી તારીખ ૩જી મુહરમ જણાવ્યું છે તેથી ઈસલામી તારીખથી મીસરી તારીખ ૨દીવસ આગલ અને એ હીસાબે આશુરા ૧૦મી મુહરમના મીસરી ૧૨મી મુહરમ જણાવેલ છે.

જંગબારમાં ઇ. સ. ૧૯૪૬, ૫ ડીસેમ્બર ગુરૂવાર ૧૦મી મુહરમ ૧૩૬૬ હીજરી આશુરાના દહાડે થયેલા મોઅજીઝાનો ટુંકસાર (જંગબારના) સમાચાર અઠવાડીક પેપરના તા. ૮-૧૨-૪૬ના અંકમાંથી લખવામાં આવે છે.

"હીજરી સન ૧૩૬૬ મોહરમના આશુરાનો દહાડો અને રાત

જંગબારના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધાઇ જશે.

સઘળી મેહફીલો ઇમામવાડા, તાઝીયાખાના અને મસજીદમાં અમ્રાદારોને લગતા સમાનો પંજા, અલમ, ઝુલો, ઝરીહ અને ટાંગેલા ચિત્રોમાં લોહીના ડાઘા એટલી વેળા ઉત્પન્ન થયા, જે જોવાને હજારો મુસલીમ તથા ગેર મુસલીમ લોકો તાઝીયાખાના વીગેરે ઇમામ હુસયન અ૦ના મકાનોમાં જાય છે.

એ ચમતકારોની શરૂઆત ૧૦ મુહરમ આશુરા ગુરૂવારના સવારના અરણી ચાર વાગે ભાઇ મહુમદતકી મહમદ વાલજીને ત્યાં કરબલાથી આણેલા હઝરત ઇમામ હુસયન અ૦ની કબરથી લીધેલી ખાકની શીશીમાં લોહીના બે ચકતા પેદા થવાથી થઇ, અને ડીનારાને અતારફે રતાશ ફેલાઇ ગઇ વીગેરે વીગેરે.

(સમાચારના લખાણનો ટુંકસાર)

જંગબારમાં થયલા મોઅજીઝા અને એજ દીવસે હીદમાં થયલા મોઅજીઝા ચાંદ જોઇ ખાત્રી કરેલી તારીખ ૫-૧૨-૪૬ ગુરૂવાર ૧૦મી મુહરમ આશુરાના દીવસે થયા જેથી સિધ્ધ થશે કે ચંદ્ર જોઇનેજ દસમે દીવસે આશુરાના અમલ થાય, એજ કુદરતની મરજી અને શરીઅતે ઇસલામનો હુકમ છે. અને એજ ખરો આશુરાનો દીવસ સાબીત થાય છે જ્યારે કે તે દીવસે મીસરી તારીખ મુજબ ૧૨મી મુહરમનો દીવસ હતો.

★ સમાપ્ત ★

PRINTED BY

THE IQBAL PRINTING WORKS

ZANZIBAR.